પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૧૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૫-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોરોનાના મોત મામલે WHO દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાના આધારે રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા

### વિજ્ઞાન નહીં વડાપ્રધાન મોદી ખોટું બોલે છે. કોરોનાથી ૪૭ લાખ મોત થયાના દાવાનું સમર્થન આપી વળતરની માંગણી કરી

નવીદિલ્હી,

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ભારતમાં કોરોનાથી થયેલા મોતના આંકડા જાહેર કર્યા બાદ રાજકીય ગરમાવો વધ્યો છે. ત્યારે હવે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર પીએમ નરેન્દ્ર મોદી પર નિશાનો સાધ્યો છે. કોરોનાથી થયેલા મોત મામલે તેમણે ટ્વિટ કરતા જણાવ્યું છે કે 'કોરોના મહામારીને કારણે ૪૭ લાખ ભારતીયોના મોત નીપજ્યા . ૪.૮ લાખ નહી. વિજ્ઞાન જુઠ્ઠુ ન બોલે. મોદી બોલે છે.' એ પરિવારોનું સન્માન કરો જેમણે પોતાના સ્વજનોને ગુમાવ્યા છે. અનિવાર્ય રુપથી ૪ લાખ વળતર આપીને તેમનું સમર્થન કરે. આ સાથે ટ્વિટમાં રાહુલ ગાંધીએ



ડબ્લ્યુએચઓની રિપોર્ટ પર ટ્વિટ કરી છે. મહત્વનું છે કે આ પહેલા રાહુલ ગાંધીએ મોદી સરકારને પેન્શન મામલે ઘેર્યા હતા. તેમણે પૂર્વ સૈનિકોને એપ્રિલ મહિનાથી પેન્શન ન મળવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે દૈનિક સમાચાર પત્રમાં પ્રકાશિત એક રિપોર્ટનો હવાલો આપતા અપ્રત્યક્ષરુપથી જણાવ્યુ હતું કે નરેન્દ્ર મોદી સરકાર સૈનિકો અને દેશનું અપમાન કરી રહી છે. ટ્વિટર પર રાહુલ ગાંધીએ લખ્યું **"One Rank, One Pension"** ના છેતરપિંડી બાદ હવે મોદી સરકાર **'All Rank, NO Pension'**ની નીતિ અપનાવી રહી છે. સૈનિકોનું અપમાન દેશનું અપમાન છે. સરકારે પૂર્વ સૈનિકોને પેન્શન જલ્દીથી જલ્દી આપવું જોઈએ.

કોરોનાના કારણે થયેલા મોતને લઈને WHOએ એક રિપોર્ટ જાહેર કર્યો છે જેમાં ભારતમાં કોરોનાના કારણે ૪૭ લાખ લોકોથી વધારે લોકોના મોત થયા છે પરંતુ ભારત પાસે જે આંકડો છે..તે પાંચ લાખ મોતની આસપાસનો છે...જેના કારણે ભારત સરકારે ડબ્લ્યુએચઓની રિપોર્ટ પર વિરોધ કર્યો છે...ભારતે આ આંકડાઓ પર સવાલો કર્યા છે....જે ટેકનિક કે મોડલ દ્વારા ડબ્લ્યુએચઓએ આ આંકડા ભેગા કર્યા છે...તે યોગ્ય નથી...ડબ્લ્યુએચઓએ જૂની રીત અને મોડલ અનુસાર મોતના આંકડા જાહેર કર્યા છે...સરકાર કહ્યું કે ડબ્લ્યુએચઓએ જે આંકડા જાહેર કર્યા છે..ત માત્ર ૧૭ રાજ્યોના છે...અને તે રાજ્યો ક્યા છે તેને લઈને હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનએ કહ્યું હતું કે ભારતમાં કોરોના વાઈરસને કારણે ૪૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે, જોકે સરકારે ડબ્લ્યુએચઓના આંકડાઓનો વિરોધ કર્યો છે. એ ઉપરાંત કહ્યું છે કે ડબ્લ્યુએચઓએ જે પ્રમાણે ડેટા ભેગા કર્યો છે એ શંકાસ્પદ છે. જ્યારે હવે વિપક્ષ દ્વારા ડબ્લ્યુએચઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાના આધારે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ આ મુદ્દે નરેન્દ્ર મોદીની નેતૃત્વવાળી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. એ સાથે જ મૃતકોનાં પરિવારજનોને વળતર આપવાની માગ કરી છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું છે કે કોવિડ મહામારીને કારણે ૪.૮ લાખ નહીં, ૪૭ લાખ ભારતીયોના જીવ ગયા છે. મોદી કહે છે એવું, વિજ્ઞાન કદી ખોટું ના બોલે. તે પરિવારોનું સન્માન કરવું જોઈએ, જમણે આ મહામારીમાં તેમનાં પરિવારજનો ગુમાવ્યા છે. તેમને ૪ લાખ રૂપિયાનું વળતર આપીને મદદ કરવી જોઈએ.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારત ડબ્લ્યુએચઓ દ્વારા આ સર્વે જે મોડલના આધારે કર્યો છે એનો વિરોધ કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ મોડલની પ્રક્રિયા, કાર્યપ્રણાલી અને પરિણામનો ભારત વિરોધ કરે છે.

કેન્દ્ર સરકારના એક અધિકારીએ કહ્યું હતું કે આ ડેટા ૧૭ રાજ્યના આંકડાના આધારે છે. આ રાજ્યોને કયા આધારે પસંદ કરાયા, ડેટા ક્યારે લેવાયો એની માહિતી પણ ભારત સરકારને નથી અપાઈ. સરકારે આ મુદ્દે અત્યારસુધી દસ પત્રો પણ લખ્યા છે, જેનો ડબ્લ્યુએચઓએ જવાબ પણ નથી આપ્યો.

સરકારી આંકડા પ્રમાણે, ભારતમાં કોરોનાથી ૫.૨૪ લાખ લોકોનાં મોત થયાં છે. ડબ્લ્યુએચઓનું કહેવું છે કે અનેક દેશોએ કોરોનાથી થયેલાં મૃત્યુ ઓછાં દર્શાવ્યા છે, તેથી દુનિયામાં કોરોનાથી ફક્ત ૬૨ લાખ લોકોનાં મોત થયાંનું નોંધાયું છે. ડબ્લ્યુએચઓના રિપોર્ટની વાત કરીએ તો તેના અનુસાર છેલ્લા બે વર્ષમાં ૧.૫ કરોડ લોકોના મોત કોરોનાને કારણે અથવા સમયસર સારવાર ન મળવાથી થયા છે. તે જ સમયે, ભારતનો આંકડો ૪૭ લાખથી વધુ હોવાનું કહેવાય છે. આ અંગે ડબ્લ્યુએચઓના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે કહ્યું છે કે આ ખૂબ જ ગંભીર આંકડા છે.

## ગ્રીષ્મા હત્યાકાંડ/ફેનિલ ગોયાણી હવે કેદી નંબર ૨૨૩૧ તરીકે ઓળખાશે

સુરત,

સુરતના ગ્રીષ્મા વેકરિયા હત્યા કેસમાં આરોપી ફેનિલ ગોયાણીને ફાંસીની સજા મળી છે. ફાંસીની સજા મળ્યા બાદ ફેનિલને નવો કેદી નંબર અપાયો છે. ફેનિલ ગોયાણી ૨૨૩૧ નંબરનો કેદી બન્યો છે. હાલ ફેનિલને મેડિકલ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યો છે. આવતીકાલે પાકા કામના કેદીની પ્રક્રિયા પૂર્ણ કરાશે. જ્યાં ફાંસીની સજાવાળા આરોપીઓની બેરેકમાં રાખવામાં આવશે.

અત્રે નોધનીય છે કે ગ્રીષ્મા હત્યાકેસમાં ગતરોજ ગુરુવારના દિવસે આરોપી ફેનિલને ફાંસીની સજા ફટકારવામાં આવી છે. આ કેસના ચુકાદાને ગ્રીષ્માના પરિવાર સહિત લોકોએ પણ આવકાર્યો હતો. તો સમયસર ન્યાય મળ્યાનો સંતોષ પણ આંખોમાં જોવા મળતો હતો.

આ ચુકાદાથી આરોપી ફેનિલ ગોયાણીના વકીલ ઝમીર શેખે જણાવ્યુ હતું કે તેઓ કોર્ટના આ ચુકાદાથી સંતુષ્ટ નથી. હાઈકોર્ટમાં અપીલ કરીશું. કોર્ટે ચુકાદામાં કેટલીક રજૂઆતો-પુરાવાઓ ધ્યાને ન લીધા હોવાની વાત જણાવી હતી.

ગ્રીષ્માના પરિવારને ઘટનાના માત્ર ૮૧ દિવસમાં ન્યાય આપી દેવામાં આવ્યો છે. ત્યારે હર્ષ સંઘવી ગ્રીષ્માના પરિવારને મળશે. આ અંગે ગૃહરાજ્યમંત્રીએ ખુદ ટ્વીટ કરી માહિતી આપી છે.

સુરતના ચકચારી એવા ગ્રીષ્મા હત્યા કેસમાં કોર્ટ દ્વારા આરોપી ફેનિલને ફાંસીની સજા ફટકારવાનો હુકમ કર્યો છે. છેલ્લા કેટલાંય દિવસોથી ચાલતી આ ટ્રાયલમાં કોર્ટ દ્વારા ૧૦૫ જેટલા સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. ૧૦૫ સાક્ષીઓની જુબાની સાથે આરોપી દ્વારા સરાજાહેર હત્યા કરતા પહેલા અન્ય બે વ્યક્તિઓને પણ ઈજા પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત કોર્ટે ચુકાદમાં જાહેરમાં લોકોમાં ડર પેદા કરવાનો પણ પ્રયાસ કરાયો હોવાથી કોર્ટે આ કેસને રેરેસ્ટ ઓફ ધ રેર કેસ તરીકે લીધો હતો. આ કેસમાં કોર્ટે કેટલીક મહત્વની વસ્તુઓ ટાંકી હોવાથી ફાંસીની સજા સંભળાવી છે. ગ્રીષ્મા વેકરિયા કેસમાં આરોપીની ધરપકડ બાદ માત્ર પાંચ દિવસમાં પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી. કોર્ટ દ્વારા પણ આ કેસમાં રોજીંદી ટ્રાયલ કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આશરે ૫૦૦ પાનાંનો ચુકાદો આપવામાં આવ્યો છે.

## યુદ્ધને કારણે ઈંધણની કિંમતો આકાશને આંબી રહી છે, અનાજ-ખાતરની પણ જોરદાર કમી

નવીદિલ્હી,

રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને બે મહિનાથી વધુ સમય પસાર થઈ ગયો છે. બન્ને દેશો વચ્ચે યુદ્ધને કારણે ખાદ્ય અને ઉર્જા સંબંધિત પડકારો ઉભા થવા લાગ્યા છે. દરમિયાન ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં રશિયા-યુક્રેન યુદ્ધને પગલે ઉભરી રહેલી ખાદ્ય અને ઉર્જા સંબંધિત સમસ્યાઓ ઉપર પ્રકાશ ફેંક્યો છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટી.એસ. તિરુમૂર્તિએ કહ્યું કે બન્ને દેશોનું યુદ્ધ વ્યાપક ક્ષેત્રિય અને વૈશ્વિક પ્રભાવો ઉપરાંત એક અસ્થિર પ્રભાવ પેદા કરી રહ્યું છે. ક્રૂડ ઓઈલની કિંમતો આસમાનને આંબી રહી છે અને ખાદ્યાન્ન સહિતની વસ્તુઓમાં ઘટાડો થઈ રહ્યો છે જેની વૈશ્વિક દક્ષિણ અને વિકાસશીલ દેશો ઉપર પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે.

યુદ્ધની ઉત્પન્ન ખાદ્ય સુરક્ષા પડકારો માટે આપણે બધાએ તમામ અડચણોમાંથી પાર થઈને જવાબ આપવો પડશે. ઉર્જા સુરક્ષા તમામ માટે એક ગંભીર ચિંતા છે અને તમામના પ્રયાસો દ્વારા તેને જોવાની જરૂર છે. તિરુમૂર્તિએ યુદ્ધને ખતમ કરવા તેમજ વાતચીત અને કુટનીતિના માર્ગનો એકમાત્ર રસ્તો અપનાવવા માટષ ભારતના સતત આહ્વાનને દોહરાવ્યું હતું.

તેમણે કહ્યું કે યુદ્ધને કારણે અનેક લોકોના જીવ ગયા છે જ્યારે અગણિત લોકો ઉપર તેની અસર પડી છે. ખાસ કરીને લાખો મહિલાઓ, બાળકો અને વૃદ્ધો બેઘર થઈ ગયા છે. લોકો પાડોશી દેશોમાં શરણ લેવા માટે મજબૂર થઈ ગયા છે. ભારતે બુકામાં નાગરિકોની હત્યાની આકરાં શબ્દોમાં ટીકા કરી છે અને સ્વતંત્ર તપાસના આહ્વાનને પણ સમર્થન આપ્યું છે.

તિરુમૂર્તિએ એવું પણ કહ્યું કે, યૂનોના મહાસચિવ એન્ટોનિયો ગૂટેરેસના પ્રયાસોની અમે સરાહના કરીએ છીએ. અમે તત્કાલ પ્રભાવથી ખાદ્ય નિકાસ પ્રતિબંધોથી માનવીય સહાયતા માટે વિશ્વ ખાદ્ય કાર્યક્રમ (ડબલ્યુએફપી) દ્વારા ભોજનની ખરીદીને છૂટ આપવાની તેની ભલામણોનું સ્વાગત કરીએ છીએ.

## સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પોતાની શાખાઓ બંધ કરવાનો પ્લાન બનાવી રહી છે

નવીદિલ્હી,

આજકાલ ૨૧મી જમાનામાં લોકો ડિજિટલ તરફ વળ્યા છે. આજકાલ મોટાભાગના લોકો ડિજિટલ બેકિંગ દ્વારા પૈસાની આપ-લે કરતા હોય છે. પરંતુ હાલ અમે તમને એક આંચકારૂપ સમાચાર આપવા જઈ રહ્યા છે. જો તમારું એકાઉન્ટ પ્રાઈવેટ સેક્ટરની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં છે તો ખાસ વાંચજો. પોતાની ફાઈનાશિયલ સ્થિતિને સુધારવા માટે આ બેંક મોટી સંખ્યામાં પોતાની શાખાઓ બંધ કરવાનો પ્લાન બનાવી રહી છે. દેશની મોટી સમાચાર એજન્સી રાયટર્સ અનુસાર જાણવા મળી રહ્યું છે કે આ બેંકની દેશભરમાં પથરાયેલી ૧૩ ટકા શાખાઓને બંધ કરવાનો પ્લાન બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા સહિત ઘણી બેંકોને આરબીઆઈના પ્રોમ્પટ કરેક્ટિવ એક્શન યાદીમાં નાંખવામાં આવ્યા હતા. આ યાદીમાં ખરાબ નાણાકીય હાલતમાંથી પસાર થનાર બેંકોને સમાવવામાં આવે છે.

આ યાદીમાં આવનાર બેંકોને ઘણા પ્રતિબંધોની સાથે નાણાકીય સ્થિતિ સુધારવાનો મોકો આપવામાં આવ્યો. ૨૦૧૮માં પણ આરબીઆઈના પીસીએ ફ્રેમવર્કમાં ૧૨ બેંકોને રાખવામાં આવી હતી. તે સમયે તેમાં ૧૧ સરકારી અને એક પ્રાઈવેટ બેંક હતી. જેમણે વધારાની મૂડી પૂરી પાડવામાં આવી હતી.

બેંક માર્ચ ૨૦૨૩ સુધી દેશભરમાં પથરાયેલી પોતાની લગભગ ૬૦૦ શાખાઓને બંધ કરવાની અથવા તો નુકસાનમાં ચાલી રહેલી બ્રાંચના વિલય કરવા માટે વિચાર કરી રહી છે. તમને જણાવી દઈએ કે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની દેશભરમાં ૪૫૯૪ શાખાઓ છે. રિપોર્ટ્સ અનુસાર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાને છોડીને બીજી તમામ બેંક પીસીએ લિસ્ટમાંથી બહાર આવી ગઈ છે. પરંતુ નાણાકીય સ્થિતિમાં સુધારો નહીં આવવાના કારણે સેન્ટ્રલ બેંક આ લિસ્ટમાં જ છે. એવામાં બેંકની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટે ૧૩ ટકા બ્રાંચ બંધ કરવા માટે વિચાર કરવામાં આવી રહ્યો છે.

## હાર્દિક પટેલ ભાજપના નેતા સાથે ડાયરામાં રૂપિયા ઉડાવતા દેખાયા

જામનગર,

કોંગ્રેસથી નારાજ હાર્દિક પટેલ સતત ચર્ચામાં રહીને પક્ષ પ્રત્યે પોતાની નારાજગી બતાવી રહ્યાં છે. કોંગ્રસમાઁથી પોતાના હોદ્દાને દૂર કર્યા બાદ તેઓ ભાજપ તરફ આગળ વધવાના સંકેત સતત આપી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ નેતાગીરીથી નારાજ હાર્દિક પટેલ વધુ એકવાર ભાજપના નેતાઓ સાથે કાર્યક્રમમાં દેખાયા હતા. ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ, શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી, સાંસદ રમેશ ધડુક, પૂર્વ કેબિનેટ મંત્રી જયેશ રાદડીયા, સાંસદ રમેશ ધડુક અને NCPના ધારાસભ્ય કાંધલ જાડેજા એક મંચ પર જોવા મળ્યા હતા.

જામનગરમાં ભાગવત સપ્તાહ અને લોકડાયરાનો કાર્યક્રમ ભાજપના ધારાસભ્ય હકુભા જાડેજા દ્વારા આયોજિત કરાયો હતો. જેમાં કિર્તીદાન ગઢવી અને કિંજલ દવના ડાયરામાં રૂપિયાનો વરસાદ થયો હતો. જીતુ વાઘાણી, જયેશ રાદડિયા, કાંધલ જાડેજા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ત્યારે હાર્દિક પટેલ સહિતના નેતાઓએ લોકડાયરામાં રૂપિયા



ઉડાવ્યા હતા.

જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે લોકડાયરામાં જંગી જનમેદની ઉમટી પડી હતી, એટલું જ નહીં, હકુભા જાડેજાએ યોજેલી ભાગવત કથા રાજકીય કથા બની ગઈ હોય તે પ્રકારના દ્રશ્યો જોવા મળી રહ્યા છે, કેમ કે થોડા દિવસ પહેલા રાજકારણમાં જોડાવાની વાતો વચ્ચે ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ પણ અહી ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ સીઆર પાટીલ સાથે જોવા મળ્યા હતા, જે રાજ્યભરમાં ચર્ચાનો વિષય રહ્યો હતો. તો હવે હાર્દિક પટેલ ભાજપના ધારાસભ્યના કાર્યક્રમમાં ભાજપના નેતાઓ સાથે જોવા મળતા ફરીવાર ચર્ચાઓ જાગી છે.

## દેશમાં ખાંડનું ઉત્પાદન ૧૪ ટકા વધ્યું, રેકોર્ડ ૩૬૦ લાખ ટન ઉત્પાદન

નવીદિલ્હી,

દેશમાં આ વર્ષે ખાંડના ઉત્પાદનો એપ્રિલમાં ૧૪ ટકા વધી રેકોર્ડ ૩૪.૨ મિલિયન ટન નોંધાયા છે. જે માર્કેટિંગ વર્ષ ૨૦૨૧-૨૨ ના અંત સુધીમાં વધી રેકોર્ડ ૩૫.૫ મિલિયન ટન નોંધાવાનો આશાવાદ એનએફસીએસએફએ વ્યક્ત કર્યો છે. માર્કેટિંગ વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૧.૧ મિલિયન ટન, ૨૦૧૯-૨૦માં ૨૫.૯ મિલિયન ટન, ૨૦૧૮-૧૯ ૩૨.૨ મિલિયન ટન, ૨૦૧૭-૧૮માં ૩૧.૨ મિલિયન ટન ખાંડ ઉત્પાદિત થઈ હતી.ખાંડનું માર્કેટિંગ વર્ષ ઓક્ટોબર થી સપ્ટેમ્બર છે. નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેક્ટરીના આંકડાઓ અનુસાર, ખાંડ નું ચોખ્ખું ઉત્પાદન એપ્રિલ, ૨૦૨૨માં ૩૪.૨ મિલિયન ટન નોંધાયું છે. જે ગત વર્ષે ૩૦ મિલિયન ટન સામે ૧૪ ટકા વધ્યું છે.૫૨૦ ખાંડની મિલો માંથી ૨૧૯ મિલોમાં ક્રશિંગ થઈ રહ્યું છે. જ્યારે ગત વર્ષે સમાન ગાળામાં માત્ર ૧૦૬ મિલોમાં ક્રશિંગ થયુ હતું.એથેનોલ માટે ૩.૫ મિલિયન ટન ખાંડનો ઉપયોગ બાદ કરતાં ખાંડનું ચોખ્ખું ઉત્પાદન ૪૫.૫ મિલિયન ટનની વધવાનો આશાવાદ છે.

મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ગુજરાતમાં મેના અંત સુધી ક્રશિંગ પ્રક્રિયા ચાલુ રહેશે. જે ભારતીય ખાંડ ક્ષેત્રે નવો ઈતિહાસ રચશે. બ્રાઝિલ બાદ ભારત ખાંડનો બીજો સૌથી મોટો ઉત્પાદક છે. જેમાં દેશનું ૮૫ ટકા ઉત્પાદન મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં થાય છે. ત્રણેય રાજ્યોમાં મળી ૩૦ એપ્રિલ સુધી કુલ ૨૯.૧ મિલિયન ટન ) ખાંડ ઉત્પાદિત થઈ છે. જ્યારે અન્ય રાજ્યોમાંથી ગતવર્ષે ૪.૬ મિલિયન ટન સામે ૫.૧ મિલિયન ટન ખાંડ ઉત્પાદિત થઈ છે.અત્યાર સુધીનું સૌથી વધુ ખાંડનું ઉત્પાદન હોવા છતાં, સ્થાનિક બજારમાં ખાંડની એક્સ-મિલ જરૂરિયાત પૂરી થઈ નથી.જી ગ્રેડની ખાંડનો ભાવ ક્વિન્ટલ દીઠ રૂ.૩,૩૦૦ છે, જ્યારે સ ગ્રેડ માટે રૂ.૩,૫૫૦ પ્રતિ ક્વિન્ટલ છે. જેની પાછળનું મુખ્ય કારણ ખાંડની નિકાસ વધવાનો છે.૯.૫ મિલિયન ટન નિકાસ થવાના આશાવાદ સાથે દેશની ખાંડની મિલો રૂ.૩૦ હજાર કરોડની આવક ઉપાર્જિત કરશે. આ વર્ષે ૮.૫ મિલિયન ટન ખાંડની નિકાસ ઓર્ડર મળ્યા હતા. જેમાંથી ૬.૫ મિલિયન ટન નિકાસ થઈ ચૂકી છે.

## આઝમ ખાનની જામીન અરજી : જો હાઈકોર્ટ નિર્ણય નહીં કરે તો અમે હસ્તક્ષેપ કરીશું : સુપ્રીમ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સમાજવાદી પાર્ટીના નેતા અને રામપુરના ધારાસભ્ય આઝમ ખાનના એક કેસને લઈને અલ્હાબાદ હાઈકોર્ટ પર કડક ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ૮૭ કેસમાંથી આઝમ ખાનને ૮૬ કેસમાં જામીન મળી ચૂક્યા છે, માત્ર એક કેસમાં જ આટલો સમય કેમ લાગી રહ્યો છે. કોર્ટે કહ્યું કે ૧૩૭ દિવસ પછી પણ નિર્ણય કેમ ન લઈ શકાય. કોર્ટે એમ પણ કહ્યું કે, જો અલ્હાબાદ હાઈકોર્ટ આ મામલે નિર્ણય નહીં આપે તો અમે તેમાં દખલ કરીશું. આઝમ ખાન હાલમાં સીતાપુર જેલમાં બંધ છે. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટને ફટકાર લગાવી. જસ્ટિસ એલ નાગેશ્વર રાવ અને જસ્ટિસ બીઆર ગવઈની બેન્ચે કહ્યું કે આ ન્યાયની મજાક છે. નોંધનીય છે કે, ગુરુવારે પણ સપા નેતા આઝમ ખાનની જામીન અરજી પર નિર્ણય થઈ શક્યો ન હતો. અલાહાબાદ હાઈકોર્ટમાં દુશ્મન પ્રોપર્ટી કેસમાં તેના જામીન અંગે ત્રણ કલાક સુધી બંને પક્ષે દલીલ થઈ હતી. બપોરે થયેલી દલીલો સાંભળ્યા બાદ જસ્ટિસ રાહુલ ચતુર્વેદીની કોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે. હકીકતમાં,




રામપુરના અઝીમનગર પોલીસ સ્ટેશનમાં એસપી નેતા પર દુશ્મનની સંપત્તિ પર ગેરકાયદેસર કબજો કરવાનો અને બાઉન્ડ્રી વોલને ઘેરી લેવાનો આરોપ છે. આ કેસમાં ૪ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ જામીન પર સુનાવણી બાદ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. બીજી તરફ, આઝમ ખાન તરફથી સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે અલ્હાબાદ હાઈકોર્ટે જામીન અરજી પર આદેશ સુરક્ષિત કર્યા પછી લાંબા સમયથી નિર્ણય આપ્યો નથી. સુપ્રીમ કોર્ટે આ અંગે સુનાવણી માટે ૨ મેની તારીખ નક્કી કરી હતી, પરંતુ આજે આ મામલે સુનાવણી થઈ શકી હતી. જ્યાં સુપ્રિમ કોર્ટે નીચલી કોર્ટ પર સવાલો ઉઠાવ્યા અને આ મામલામાં હસ્તક્ષેપ કરવા કહ્યું.

## પાકિસ્તાનમાં ૫.૧ રિક્ટર સ્કેલરની તીવ્રતાનો ભૂકંપ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન અને ફિલીપાઈન્સમાં આજે (શુક્રવારે) ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૧ માપવામાં આવી હતી. જ્યારે ફિલીપાઈન્સમાં બોબોન નાનમા ક્ષેત્રથી ૭૭ કિલોમીટર દૂર પૂર્વ-દક્ષિણપૂર્વ તરફ શુક્રવારે લગભગ વાર વાગે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા ૫.૩ રિક્ટર સ્કેલ માપવામાં આવી છે. પાકિસ્તાનમાં ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોના ઘરમાં રાખેલો સામાન વેર વિખેર થઈ ગયો હતો અને હડકંપ મચી જવા પામ્યો હતો. ત્યારબાદ લોકો જીવ બચાવવા માટે પોતાના ઘરમાંથી બહાર



દોડી આવ્યા હતા.

પાકિસ્તાનમાં ભૂકંપ આજે સવારે લગભગ ૬:૧૮ મિનિટે આવ્યો હતો. તેની અસર પાકિસ્તાન ઉપરાંત અફઘાનિસ્તાન અને ઈરાનમાં પણ જોવા મળી હતી. અહીં પણ આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ૨૮.૪૫૧૭ ડિગ્રી ઉત્તરી અક્ષાંશ અને ૬૪.૩૨૦૪ ડિગ્રી પૂર્વી દેશાંતર પર ૧૦.૦ કિમીની ઉંડાઈ જોવા મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભૂકંપ બાદ સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકો ડરેલા છે. જોકે વહિવટીતંત્રએ લોકોને અપીલ કરી છે કે શાંતિ જાળવી રાખે અને ધૈર્યથી કામ લે.

ફિલીપાઈન્સમાં બોબોન નાનમા ક્ષેત્રથી ૭૭ કિલોમીટર દૂર પૂર્વ-દક્ષિણપૂર્વ તરફ શુક્રવારે લગભગ વાર વાગે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા ૫.૩ રિક્ટર સ્કેલ માપવામાં આવી છે. અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણએ તેની જાણકારી આપી છે. ભૂકંપનું કેન્દ્ર ૨૮.૪૫૧૭ ડિગ્રી ઉત્તરી અક્ષાંશ અને ૬૪.૩૨૦૪ ડિગ્રી પૂર્વી દેશાંતર પર ૬૮.૨૭ કિમી ઉંડાઈ માપવામાં આવી હતી.

પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ફરતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ વધુ ટકરાય છે, તે ઝોન ફોલ્ટ લાઈન કહેવામાં આવે છે. વારંવાર ટકરાતા પ્લેટ્સના ખૂણા વળી જાય છે. જ્યારે વધુ દબાણ બને છે તો પ્લેટ્સ તૂટવા લાગે છે અને નીચેની એનર્જી બહાર આવવાનો રસ્તો શોધે છે. પછી આ ડિસ્ટબન્સ બાદ ભૂકંપ આવે છે.

## દાવોસ કોન્ફરન્સમાં નિર્મલા સીતારમણ સહિત ત્રણ રાજ્યોના મુખ્યમંત્રી પણ હાજરી આપશે

નવીદિલ્હી,

આ મહિનાના અંતમાં દાવોસના સ્વિસ સ્કી રિસોર્ટ શહેરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં ૫૦ રાજ્યઅધ્યક્ષ અથવા સરકારના વડાઓ સહિત લગભગ ૩૦૦ સરકારી નેતાઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. ભારતીય સહભાગીઓમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ તેમજ ત્રણ મુખ્ય પ્રધાનો અને ૧૦૦ થી વધુ ઝઈ સામેલ થશે.

મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ, તેમના કર્ણાટકના સમકક્ષ બસવરાજ એસ બોમાઈ તેમજ આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન વાયએસ જગનમોહન રેડ્ડી ૨૨-૨૬ મે દરમિયાન દાવોસમાં ૨૦૨૨ માટે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક યોજે તેવી અપેક્ષા છે. મહારાષ્ટ્રના પ્રધાન અને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે અને તેલંગાણાના પ્રધાન અને મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવના પુત્ર કેટી રામારાવ પણ ત્યાં હશે.

આ ઉપરાંત, તમિલનાડુ સરકાર સમિટના સમયગાળા માટે દાવોસમાં વિશેષ લાઉન્જ સ્થાપિત કરે તેવી શક્યતા છે, જ્યારે અન્ય કેટલાક રાજ્યોના નેતાઓ પણ સ્વિસ રિસોર્ટ ટાઉનની મુલાકાત લે તેવી શક્યતા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેટલાક વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાનો પણ દાવોસ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે, જે વૈશ્વિક સ્તરે વિશ્વ નેતાઓની સૌથી ઉચ્ચ પ્રોફાઈલ મેળાવડાઓમાંની એક છે. પરંતુ હજુ સુધી તેમની ભાગીદારી અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ઓછામાં ઓછા ૧૦૦ ભારતીય સીઈઓ, તેમજ વિશ્વભરના સેંકડો વ્યાપારી અને રાજકીય નેતાઓ, પાંચ દિવસીય ઈવેન્ટ માટે નોંધણી કરાવી ચૂક્યા છે. વાર્ષિક બેઠકમાં રાજ્ય અને સરકારના વડાઓ સહિત ૩૦૦ થી વધુ જાહેર વ્યક્તિઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. વાર્ષિક સમિટ જાન્યુઆરીમાં યોજાવાની હતી પરંતુ કોવિડ-૧૯ વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટને કારણે તેને મોકૂફ રાખવી પડી હતી. હવે તે ૨૨મી મેથી શરૂ થશે અને ૨૬મી મે સુધી ચાલશે.

મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા પ્રભારી મંત્રીના અદ્યક્ષ સ્થાને યોજાઈ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લા આયોજન મંડળની વર્ષ ૨૦૨૨-૨૩ ના આયોજન માટેની બેઠક જિલ્લાના વડા મથક લુણાવાડામાં જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અને ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણની અદ્યક્ષતામાં અને રાજયમંત્રી અને સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઇ ડીંડોર, જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, ઈન્ચાર્જ જિલ્લા કલેકટર કે.ડી. લાખાણી તમામ તાલુકા તેમજ નગરપાલીકા પ્રમુખઓની ઉપિસ્થિતિમાં યોજાઇ હતી.

આ પ્રસંગે પ્રભારી મંત્રીએ જણાવ્યું કે, કરવાના થતા કામોની ઝડપથી મંજુરી મેળવી વહેલી તકે કામ પુરા થાય તેવું આયોજન કરવાનું છે, સરકાર ગ્રાન્ટ આપે છે તો કામની ક્વોલીટી જળવાવી જોઇએ. પ્રજાલક્ષી કામો ગુણવત્તાયુકત અને સમયમર્યાદામાં પૂર્ણ કરો "જિલ્લાના વિકાસના કામો સારી રીતે થાય તે માટે ધારાસભ્યઓ, જિલ્લા/તાલુકા પ્રમુખોની જવાબદારી છે. તમામ પદાધિકારીઓએ પોતાના વિસ્તારમાં થતા કામોની મુલાકાત લઈ નિહાળવા જોઈએ. તે માટે જિલ્લાના વહીવટી તંત્રને અનુરોધ કરતા જિલ્લા પ્રભારી મંત્રીના પરામર્શમાં રહી ગાઈડ લાઇન પ્રમાણે કામો હાથ ધરવા રચનાત્મક સૂચનો કર્યા હતા.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, તમામ અમલીકરણ અધિકારીઓ પોતાના ટેકનીકલ સ્ટાફને સાથે રાખીને કામો કરે. રસ્તા,પાણી વિગેરેના કામો શરૂ કરતા પહેલા યોગ્ય ચકાસણી કરીને શરૂ કરવા જેથી સરકારના નાણાંનો વ્યય ન થાય. તે જોવા સુચન કર્યું હતું.

આ બેઠકમાં અગાઉ મળેલ જિલ્લા આયોજન મંડળની બેઠકની કાર્યવાહી નોંધની બહાલી, વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઈ સામે મહીસાગર જિલ્લા માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં તાલુકા કક્ષા, નગરપાલિકા કક્ષા, જિલ્લા કક્ષા હેઠળ મળવાપાત્ર રકમ સામે નવીન આયોજન મંજુર કરવા, બક્ષીપંચ જોગવાઈ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ નું નવીન આયોજન મંજુર કરવા, વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળની વિવિધ જોગવાઈઓ હેઠળ મંજુર કરેલ વર્ષ ૨૦૧૯-૨૦ ,૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ ના માહે એપ્રિલ -૨૦૨૨ અંતિત બાકી કામોની સમીક્ષા તેમજ સાંસદની જોગવાઇ હેઠળ મંજુર થયેલ કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ તાલુકાની તાલુકા આયોજન સમિતિઓ અને નગરપાલીકા મારફતે ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇના રજૂ થયેલ આયોજન પરત્વે મળવાપાત્ર જોગવાઇ સામે આ બેઠકમાં રૂ.૮૭૫ લાખની જોગવાઈઓના કુલ ૧૦૮૨ કામોની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં ઇનચાર્જ જિલ્લા કલેક્ટર કે.ડી.લાખાણીએ બેઠકની શરૂઆતમાં પ્રભારી મંત્રીનું સ્વાગત કર્યું હતું, આભાર દર્શન આયોજન અધિકારી ગૃપ્તાએ કર્યું હતું.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર સુથાર, ડી.આર.ડી.એ ડાયરેકટર જે.કે. જાદવ તેમજ તાલુકા પંચાયતના પ્રમુખઓ, નગરપાલીકાના પ્રમુખઓ, પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લા અને તાલુકાનાં સંબધિત વિભાગોના અમલીકરણ અધિકારીઓ જોડાયા હતા.

# ખાનપુરના ઝેર ગામ બોર દ્વારા ચાર વર્ષ પછી ફળીયામાં પાણી મળતા ગ્રામજનો ખુશ થયા



લુણાવાડા, મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકના ઝેર ગામના પગી ફળિયામાં છેલ્લા ચાર વર્ષથી હેડપંપ બંધ હાલતમાં અનેક વખત રજૂઆત કરવા છતા કોઈ નિકાલ નહિ આવતા ગ્રામજનો એક કિલોમીટર છોટાહાથી તેમજ બાઈક દ્વારા પાણી ભરવા મજબુર બન્યા હતા. જે અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ઇજનેર એ.એસ.ચૌધરી ને મીડિયા ના માધ્યમથી જાણ થતાં અને તેમના ધ્યાને આવતા ગામમા હેડપંપ બંધ હાલતમાં છે. ગ્રામજનો ને એક કિલોમીટર દૂર છોટા-હાથી ગાડી તેમજ બાઈક અને ચાલીને પાણી લેવા ગ્રામજનો મજબુર બન્યા છે. ગ્રામજનો દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી એક કિલોમીટર દૂર પાણી ભરવા જવું પડે છે, ગામમાં નળ સે જળ યોજનાનું કામ ચાલુ છે. તે પણ છેલ્લા કેટલાય સમયથી અધૂરું છે, માત્ર ચકલી મૂકી આપી છે તેમાં પણ પાણી નથી આવતું કનેક્શન ઘર દીઠ આપેલ છે. જે માત્ર શોભાના ગાંઠિયા જેવા છે, પશુપાલકો પોતના પશુઓને પાણી પીવા માટે એક કિલોમીટર દૂર આવેલા હેડપંપ લઈ જવા મજબુર બન્યા છે. ત્યારે આ સમગ્ર મામલો દયાને લઈ ટેકનિકલ વિભાગના ઈજનેર એ.એસ.ચૌધરી દ્વારા સ્થળ મુલાકાત કરી ત્યાંની પરિસ્થતિને સમજી તુરંત જ બોર કરી તાત્કાલિક ધોરણે પાણી મળતાં ગ્રામજનો જીલ્લા વહીવટી તંત્ર તેમજ કલેકટર મનીષ બંસલનો પણ આભાર વ્યકત કર્યો હતો. ગામમાં ઘણા સમય બાદ પોતાના ફળિયામાં પાણી મળતાં ખૂબ આનંદ અનુભવ્યો હતો.

> છેલ્લાં કેટલાય સમય થી ગામનાં લોકોને પીવાના પાણીની સમસ્યા હતી અને કેટલાય વર્ષ થી હેડપપ બંધ હાલતમાં હતો. જે વહિવટી તંત્રએ તાત્કાલિક ધોરણે નવો બોર બનાવતા સર્વનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.
> **હરેશભાઈ ડામોર સ્થાનિક**

# સંતરામપુર પંથકમાં રૂપીયા પાંચની ચલણ માંથી રદ થયાની અફવાથી પાંચની નોટ માટે ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે તકરાર વધી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં ઘણા સમયથી પાંચની ચલણી નોટ ન લેવાના કારણે ગ્રાહકો અને દુકાનદારોમાં તકરાર ઉભી થતી હોય છે. ભારતીય રીર્ઝવ બેંક દ્વારા ભારતીય ચલણમાં મુકેલ કોઈપણ મુદ્રાને ગ્રાહક અને દુકાનદાર લેવા માટે ફરજીયાત હોય પરંતુ પાંચની ચલણી નોટ બંધ થઈ ગઈ હોવાની ચર્ચાઓ થઈ રહી હોય જેના કારણે સંતરામપુર નગર અને તાલુકા વિસ્તારોમાં ગ્રાહક પાસેથી વેપારી કે વેપારી પાસેથી ગ્રાહક પાંચની ચલણી નોટ લેવા તૈયાર નથી. આવી ઘણા સમયથી સંતરામપુરમાં ઘણા સમય થી પરિસ્થિતી ઉભી થવા પામી છે. કરીયાણા સ્ટોર, ફ્રુટ, શાકભાજી, પાનના ગલ્લાના નાના વેપારીઓ પાંચની નોટ લેવા તૈયાર હોતા નથી. પાંચની ચલણી નોટ લેવાના કિસ્સામાં ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે તકરારના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સંતરામપુર નગર અને તાલુકામાં પાંચ રૂપીયાની ચલણી નોટ બંધ થઈ ગઈ હોવાની અફવાથી મુશ્કેલી ઉભી થવા પામી છે. બેંક દ્વારા પાંચની નોટ ચલણમાં હોવાનું સ્વીકારતી હોય અને પરિપત્રો કરવામાં આવે અને પાંચની ચલણી નોટ ભારતીય ચલણમાં હોય તેમજ સ્વીકારવા માટે તે રીતના પોસ્ટર જરૂરી બન્યા છે. જો આમ કરવામાં આવે તો પાંચની ચલણી નોટને લઈ ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે ઉભા થતા ખટરાગ અટકી શકે છે.



**કડાણા તાલુકા માં નાની ખરસોલી ગામે રાજય કક્ષાના ઉચ્ચ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા દેડકી તળાવમાં પાણી ભરાતા મહીસાગર નીર ના વધામણા કરવામાં આવ્યા. ગ્રામજનો દ્વારા ઢોલ નગારા વગાડી મંત્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.**

**આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ જિલ્લા ઉપ્રમુખ અંબાલાલ પટેલ તાલુકા મંડળના પ્રમુખ અંબાલાલ પટેલ અને મંડળ ઉપ્રમુખ કેતનભાઈ દાણી, તાલુકા પ્રમુખ કમલેશભાઈ પાદરિયા, તાલુકા સદસ્ય બિપીનભાઈ પંચાલ, કડાણા તાલુકા પૂર્વ પ્રમુખ અમિતભાઈ પાદરીયા અને લઘુમતી મોરચાના પ્રમુખ મુસ્તાકભાઈ સહિતના ગામના આગેવાનો સરપંચ સહીતના લોકો હાજર રહ્યા.**

# બી.ફાર્મસી કોલેજ રામપુરાના પ્લેસમેન્ટ સેલ એ વિદ્યાર્થીઓ માટે પ્રિ-પ્લેસમેન્ટનું આયોજન કર્યું



ગોધરા, નૂતન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી. ફાર્મસી કોલેજ રામપુરા, ગોધરા દ્વારા ૨૦૦૬ થી બેચલર ઓફ ફાર્મસી કોર્સ ચાલવામાં આવે છે. આ સંસ્થાને એ.આઈ. સી. ટી. ઈ અને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દિલ્હીથી માન્યતા મળેલ છે. બી. ફાર્મસી કોલેજ રામપુરાના પ્લેસ્મેંટ સેલ એ વિદ્યાર્થી માટે પ્રી-પ્લેસ્મેંટ્ર નું આયોજન કર્યું.

તેમાં વિદ્યાર્થી ઓને Personality Development Session, Resume Writing amp; Pre Interview Session ની ટ્રેનિગ તપનકુમાર મહતો, પ્રોગ્રામ કોર્ડીનેટોર વિશ્વકર્મા સિંઘ અને વાઈસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન દ્વારા આપવામાં આવી. તેમજ નૂતન એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ જે. આર.પટેલ તથા ઉપપ્રમુખ આર.આર.પટેલ, પ્રિન્સિપાલ ડો. એમ. બી.શંકર,વાઈસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન, પ્રોગ્રામ કોર્ડીનેટોર વિશ્વકર્મા સિંઘ તથા ફાર્મસી કોલેજના તમામ ફેકલ્ટીનું મોટુ યોગદાન છે અને વિદ્યાર્થી ઓને ભવિષ્ય માટે શુભેછા પાઠવી છે.

# ગુજરાતની ધરાને રાસાયણિક કૃષિના ઝેરથી મુક્ત કરી કૃષિ ક્ષેત્રે ગુજરાતને રોલ મોડેલ બનાવવા સંકલ્પબદ્ધ બનીએ : રાજ્યપાલ

ગાંધીનગર, ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતની પાવન ધરાને રાસાયણિક કૃષિના ઝેરથી મુક્ત કરી પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાતને દેશનો રોલમોડેલ બનાવવા વહીવટી તંત્રના સૌ અધિકારીઓ સંકલ્પબદ્ધ બને આ કોન્ફરન્સમાં રાજ્યના તમામ જિલ્લાના ખેતીવાડી અધિકારી, જિલ્લા પશુપાલન અધિકારી સહિત સંબંધિત અધિકારીઓ પણ જોડાયા હતા.

રાજયપાલશ્રીએ આ વર્ચ્યુઅલ બેઠકમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પરિણામલક્ષી પ્રયાસો અને ખેડૂતોના પુરુષાર્થથી પ્રાકૃતિક કૃષિનું જનઅભિયાન ગ્રામીણ સ્તર સુધી પહોંચ્યું છે, ત્યારે જિલ્લા પ્રશાસનના સહયોગથી ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે દેશભરને પ્રેરણા પૂરી પાડી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક કૃષિના જનઅભિયાનને રાષ્ટ્રવ્યાપી બનાવવાના સંકલ્પને સાકાર કરી શકાશે.

રાજયપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિના મિશનને રાજયવ્યાપી બનાવવા રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા ઘનિષ્ઠ પ્રયાસો બદલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિને કારણે જળ, જમીન અને પર્યાવરણ દૂષિત થાય છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં ૨૪ ટકા હિસ્સો રાસાયણિક કૃષિનો છે. રસાયણોથી દૂષિત આહાર આરોગવાથી લોકો અસાધ્ય રોગનો ભોગ બની રહ્યા છે. કેન્દ્ર સરકાર રાસાયણિક ખાતરો પાછળની સબસિડીને કારણે ૧,૬૦,૦૦૦ કરોડનો આર્થિક બોજ ઊઠાવે છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના બેફામ ઉપયોગથી જમીનનો ઓર્ગેનિક કાર્બન દિન પ્રતિદિન ઘટતો જાય છે અને જમીન બંજર બની રહી છે. કૃષિ ખર્ચ સતત વધતો જાય છે અને ઉત્પાદન ઘટતું જાય છે, સરવાળે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રાકૃતિક ખેતી સંવાદમાં જોડાયેલા સૌ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીઓ અને ખેતીવાડી, પશુપાલન અધિકારીઓને ટીમ વર્કથી કાર્યરત રહેવા આહવાન કર્યું હતું. તેમણે કહ્યું કે આવા ટીમ વર્કથી પ્રધાનમંત્રીશ્રીના સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રને સાકાર કરી પ્રાકૃતિક ખેતીથી સર્વગ્રાહી કૃષિ વિકાસ થઈ શકશે. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ સ્વાસ્થ્ય અને સુરક્ષા ત્રણ પાયા પર વિકાસની બુનિયાદ બુલંદ બની શકે તેની વિભાવના આપતા જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી-રસાયણમુક્ત ખેતીથી જમીનનું સ્વાસ્થ્ય અને આવી ખેતીના ઉત્પાદનોથી માનવીનું સ્વાસ્થ્ય સુધરી શકે તે નિશ્ચિત છે. તેમણે ઉમેર્યું કે આદરણીય વડાપ્રધાનશ્રીના વિઝનરી નેતૃત્વમાં ગુજરાતે પ્રાકૃતિક ખેતીની જે મુહિમ ચલાવી છે તે ગ્લોબલ વોર્મિંગનો ઉપાય અને જમીન, જળ રક્ષણનું એક આગવું ઉદાહરણ છે.

આ સંદર્ભમાં ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દેશ અને દુનિયા જે આજે વિચારે છે તે નરેન્દ્રભાઈ દીર્ઘદ્રષ્ટિથી આગોતરું વિચારી લે છે. એટલા માટે જ લોકો હવે નેચરલ ફાર્મિંગ માટે જાગ્રત થયા પરંતુ ગુજરાતે તો તેને જનઆંદોલન બનાવ્યું છે. તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતીનું આ એવું મોટું કામ છે જે આખી પેઢી યાદ કરશે. અને આજની તથા આવતીકાલની પેઢીને આપણે સ્વાસ્થ્ય સુરક્ષાની મોટી ભેટ આપી શકીશું.

# આજે વિશ્વ તેના લક્ષ્યો હાંસલ કરવાના માધ્યમ તરીકે ભારતના વિકાસના સંકલ્પોને માની રહી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના 'JIT કનેક્ટ ૨૦૨૨'ના ઉદ્‌ઘાટન સત્રને સંબોધન કર્યું હતું. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ આજના કાર્યક્રમની થીમમાં 'સબકા પ્રયાસ'ની ભાવનાની નોંધ લીધી અને કહ્યું કે આજે વિશ્વ તેના લક્ષ્યો હાંસલ કરવાના માધ્યમ તરીકે ભારતના વિકાસના સંકલ્પોને માની રહી છે. વૈશ્વિક શાંતિ હોય, વૈશ્વિક સમૃદ્ધિ હોય, વૈશ્વિક પડકારો સાથે સંબંધિત ઉકેલો હોય કે વૈશ્વિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવવી હોય, વિશ્વ ભરપૂર વિશ્વાસ સાથે ભારત તરફ જોઈ રહ્યું છે. "અમૃત કાળ' માટે ભારતના ઠરાવ વિશે ઘણા યુરોપિયન દેશોને જાણ કર્યા પછી હું હમણાં જ પાછો ફર્યો છું" એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે નિપુણતાનું ક્ષેત્ર, ચિંતાનું ક્ષેત્ર અને લોકોના અભિપ્રાયનો જે પણ મતભેદ હોઈ શકે, તે બધા નવા ભારતના ઉદય દ્વારા એક થયા છે. આજે દરેકને લાગે છે કે ભારત હવે 'સંભાવના અને સંભવિતતા'થી આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક કલ્યાણનો મોટો હેતુ પાર પાડી રહ્યું છે. સ્વચ્છ હેતુઓ, સ્પષ્ટ ઈરાદા અને સાનુકૂળ નીતિઓના તેમના અગાઉના નિવેદનને પુનરાવર્તિત કરતા તેમણે કહ્યું કે આજે દેશ પ્રતિભા, વેપાર અને ટેકનોલોજીને શક્ય તેટલું પ્રોત્સાહિત કરી રહ્યો છે. આજે દેશ દરરોજ ડઝનેક સ્ટાર્ટઅપની નોંધણી કરી રહ્યો છે, દર અઠવાડિયે એક યુનિકોર્ન બનાવે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારથી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ એટલે કે થીસ પોર્ટલ અસ્તિત્વમાં આવ્યું છે ત્યારથી તમામ ખરીદીઓ બધાની સામે એક પ્લેટફોર્મ પર થાય છે. હવે છેવાડાના ગામડાના લોકો, નાના દુકાનદારો અને સ્વ-સહાય જૂથો સરકારને તેમના ઉત્પાદનો સીધા વેચી શકશે. આજે ૪૦ લાખથી વધુ વિક્રેતાઓ **GeM** પોર્ટલ સાથે જોડાયા છે, એવી તેમણે માહિતી આપી હતી. તેમણે પારદર્શક 'ફેસલેસ' કર આકારણી, એક રાષ્ટ્ર-એક કર, ઉત્પાદકતા સાથે જોડાયેલી પ્રોત્સાહક યોજનાઓ વિશે પણ વાત કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે અમારો માર્ગ અને ભવિષ્ય માટેનું લક્ષ્ય સ્પષ્ટ છે. "આત્મનિર્ભર ભારત એ આપણો માર્ગ અને આપણો સંકલ્પ છે. વર્ષોથી, અમે આ માટે દરેક જરૂરી વાતાવરણ બનાવવા માટે સતત કામ કર્યું છે." પ્રધાનમંત્રીએ સભાને પૃથ્વી માટે કામ કરવા વિનંતી કરી. તેમણે જણાવ્યું કે 'ઈ' એટલે પર્યાવરણની સમૃદ્ધિ. તેમણે આગામી વર્ષે ૧૫ ઓગસ્ટ સુધીમાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા ૭૫ અમૃત સરોવર બનાવવાના પ્રયાસોને તેઓ કેવી રીતે સમર્થન આપી શકે તે અંગે પણ ચર્ચા કરવા વિનંતી કરી. 'છ' એટલે ખેતીને વધુ નફાકારક બનાવવી અને કુદરતી ખેતી, ખેતીની ટેકનોલોજી અને ફૂડ પ્રોસેસિંગ સેકટરમાં વધુને વધુ રોકાણ કરવું. 'ઈ' નો અર્થ છે રિસાયક્લિંગ અને પરિપત્ર અર્થતંત્ર પર ભાર મૂકવો, પુનઃઉપયોગ, ઘટાડો અને રિસાયકલ માટે કામ કરવું.ટી એટલે શક્ય તેટલા લોકો સુધી ટેક્નોલોજી પહોંચાડવી. તેમણે પ્રેક્ષકોને ડ્રોન ટેકનોલોજી જેવી અન્ય અદ્યતન ટેકનોલોજીને વધુ સુલભ કેવી રીતે બનાવી શકાય તે અંગે વિચાર કરવા વિનંતી કરી. 'એચ' એટલે કે-સ્વાસ્થ્ય સંભાળ, તેમણે કહ્યું કે આજે સરકાર દેશના દરેક જિલ્લામાં હેલ્થકેર અને મેડિકલ કોલેજ જેવી વ્યવસ્થાઓ માટે ઘણું કામ કરી રહી છે. તેમણે સભાને તેમની સંસ્થા આને કેવી રીતે પ્રોત્સાહિત કરી શકે તે વિશે વિચારવા કહ્યું હતું.

વડાપ્રધાને કહ્યું હતું કે ગઈકાલે જ હું યુરોપના કેટલાક દેશોની મુલાકાત લઈને અને ઘણા લોકો સાથે ભારતની શક્તિ, સંકલ્પ અને સ્વતંત્રતાના અમૃતકાળ દરમિયાન ભારતમાં વર્તમાન અવસરો વિશે વિગતવાર ચર્ચા કરીને પાછો ફર્યો. અને હું કહી શકું છું કે જે પ્રકારનો આશાવાદ, જે પ્રકારનો આત્મવિશ્વાસ આજે ભારતની સામે આવી રહ્યો છે. તમે પણ વિદેશ જાવ અને તમારામાંથી જેઓ વિદેશમાં સ્થાયી થયા છે, તમે બધા તેનો અનુભવ કરો. દરેક ભારતીય, પછી ભલે તે વિશ્વના કોઈપણ ભાગમાં હોય કે ભારતના કોઈપણ ખૂણે, દરેક ભારતીય આજે ગર્વ અનુભવી રહ્યો છે. આપણા આત્મવિશ્વાસને પણ તેમાંથી એક નવી ઉર્જા મળે છે, તેને નવી તાકાત મળે છે. આજે વિશ્વ ભારતના વિકાસના સંકલ્પોને તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવાના સાધન તરીકે માની રહ્યું છે. વૈશ્વિક શાંતિ હોય, વૈશ્વિક સમૃદ્ધિ હોય, વૈશ્વિક પડકારોનો ઉકેલ હોય કે પછી વૈશ્વિક પુરવઠા શૃંખલાનું સશક્તીકરણ હોય, વિશ્વ હવે ભારત તરફ જોઈ રહ્યું છે અને ખૂબ જ આત્મવિશ્વાસથી જોઈ રહ્યું છે.દુનિયામાં રાજકારણ સાથે સંકળાયેલા લોકો હોય, નીતિ ઘડતર સાથે સંકળાયેલા લોકો હોય, અથવા તમારા જેવા સભાન સમાજના લોકો હોય કે વેપારી સમુદાયના લોકો હોય, નિપુણતાના ક્ષેત્રો, ચિંતાના ક્ષેત્રો ગમે તે હોય, મતભેદ ગમે તે હોય, પરંતુ નવા ભારતનો ઉદય બધાને એક કરે છે. આજે દરેકને લાગે છે કે ભારત હવે સંભાવના અને સંભવિતતાથી આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક કલ્યાણના હેતુ સાથે પ્રદર્શન કરી રહ્યું છે.

## આપની આજ.......

મેષ : ફાયનાન્સને લગતા કાર્યોમાં સારી સફળતા મળશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. રાજનીતિમાં પરોક્ષ રીતે લાભની પ્રાપ્તિ થશે. તમારા કોઈ સારા કામના કારણે લોકો તમારું વિશેષ સન્માન કરશે.

વૃષભ : વ્યવસાયમાં તમારા વિરોધીઓ સાથે સાવધાન રહેવાની જરૂરિયાત છે. સ્વાસ્થ્ય સારું રહેશે. યુવા વર્ગ લક્ષ્ય પ્રાપ્ત કરવાથી સુકૂન અનુભવ કરશે. સંબંધો વધારે ખરાબ ન થાય તેનું ધ્યાન આજે રાખવું પડશે.

મિથુન : સ્વાસ્થ્ય સારું રહેશે. તમને થોડા એવા લોકો મળશે જે તમારી ઉન્નતિમાં મદદગાર સાબિત થશે. વ્યવસાયમાં અટવાયેલાં કાર્યો ફરી શરૂ થશે. કોઈ પાસેથી ધનની લેવડ-દેવડ કરતી સમયે સાવધાની જાળવવાની જરૂરિયાત છે.

કર્ક : નવો વેપાર શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. તમે ગમે તેટલી સાવધાની જાળવશો, પરંતુ કોઈને કોઈ નુકસાન તો થશે જ. પેટમાં દુખાવાની પરેશાની રહી શકે છે. મહેમાનોની આગતા-સ્વાગતામાં તમે કોઈ ખામી રાખશો નહીં.

સિંહ : તમારી કોઈ ગુપ્ત યોજના જાહેર થવાથી કોઈ અન્ય વ્યક્તિ તેનો ફાયદો ઉઠાવી શકે છે. કોઈ વાતને લઈને જીવનસાથી સાથે મનમુટાવ થઈ શકે છે. આજે તમારી કોઈ કલ્પના સાકાર થશે. વધારે તણાવની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય ઉપર પડી શકે છે. કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે.

કન્યા : વાતચીત કરતી સમયે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો. આજે તમારી ગમતી જગ્યાએ જઈને સમય પસાર કરવાથી તણાવમુક્ત અને સુખમય અનુભવ કરશો. શારીરિક રૂપથી ફિટ અને તંદુરસ્ત રહેશે.કપડાના વેપારીઓ માટે સમય અને ગ્રહ સ્થિતિ અનુકૂળ છે.

તુલા : આ સમયે ભાવુકતા અને ઉદારતા તમારી નબળાઈ રહેશે. સોશિયલ મીડિયા અને પ્રેમ પ્રસંગોથી અંતર જાળવી રાખવું પડશે. પારિવારિક સુખ-શાંતિની દૃષ્ટિએ સમય ઉત્તમ છે. કારોબારમાં કોઈ નવી સફળતા તમારી રાહ જોઈ રહી છે.

વૃશ્ચિક : યુવાઓએ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વધારે મહેનત કરવી પડશે. કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થવાથી આત્મવિશ્વાસ અને સ્વયોગ્યતાનો અહેસાસ થશે. ઘરની વ્યવસ્થા ઉત્તમ અને અનુશાસિત જળવાયેલી રહેશે. પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતાં લોકો યોજનાઓને પૂર્ણ કરવા માટે ભરપૂર મહેનત કરશે.

ધન : કારોબારમાં સુધાર આવશે. કામનો ભાર વધારે રહેવાથી સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી કરશો. બધા કામ સમયે પૂર્ણ થવાથી મનમાં સંતોષ જળવાયેલો રહેશે. વિવાદિત મામલે કોઈની દખલથી ઉકેલ લાવવાની કોશિશ કરો. પ્રતિષ્ઠિત લોકો સાથે મુલાકાત થશે તથા સહયોગ પણ પ્રાપ્ત થશે.

મકર : વધારે ભાગદોડના કારણે થાક અને માથાનો દુખાવો પરેશાન કરી શકે છે. મિત્રો તથા સંબંધીઓ પાસેથી સહયોગ મળશે. સંબંધોના મામલે ખૂબ જ વધારે સહજ તથા વિનમ્રતાથી કામ લેવું પડશે. પારિવારિક વાતાવરણ મધુર જળવાયેલું રહેશે. કાર્યસ્થળમાં માનહાનિ જેવી કોઈ સ્થિતિ બની શકે છે.

કુંભ : જો વ્યવસાયમાં સ્ટાફ અને વ્યવસ્થામાં થોડો ફેરફાર ઈચ્છો છો તો સમય યોગ્ય છે. લગ્ન, સગાઈ જેવા કાર્યક્રમોની તૈયારીમાં તમે વ્યસ્ત રહી શકો છો. તમારા અંગત સપના અને મહત્ત્વકાંક્ષાઓ માટે કોશિશ કરવાનો સમય છે.

મીન : દિવસની શરૂઆતમાં વધારે વ્યસ્તતાના કારણે મન થોડું વિચલિત રહી શકે છે. તમારા કર્મચારીઓનો તમને પૂર્ણ સહયોગ મળશે. લગ્નજીવન સુખદ રહેશે. લોકો સાથે મુલાકાતમાં સારો સમય પસાર થશે તથા સંબંધોમાં નવી તાજગી અનુભવ કરશો. કોઈ જૂના રોગથી રાહત મળી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સીકલસેલ એનીમીયાની ગંભીર બિમારી : સગર્ભાવસ્થાના પ્રારંભમાં જ માતાએ ચેકઅપ કરાવવું જરૂરી

દાહોદ,
ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં ૮૫ લાખની વસ્તીએ ૧૦ ટકાને સીકલસેલ એનીમીયા તેમજ ૭૦ હજાર જેટલા લોકોને ગંભીર સીકલસેલ એનીમીયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ ગત મહિને દાહોદ ખાતેના આદિજાતિ મહાસંમેલન કાર્યક્રમમાં આદિજાતિ વિસ્તારોમાં આ રોગની ગંભીરતા વિશે વાત કરી હતી અને રાજ્ય સરકાર દ્વારા આ બિમારી સામે લડવા માટે વૈજ્ઞાનિક સંશોધનો કરાઇ રહ્યાં હોવા વિશે જણાવ્યું હતું.

માતાને પ્રસુતિ પહેલા કરવામાં આવતા મહત્વપૂર્ણ ચેકઅપથી માતા બાળકને ઘણા મોટા રોગ તેમજ ગંભીર સમસ્યાઓથી બચાવી શકાય છે. સીકલસેલ ડિસીઝ માટે પણ દરેક માતાએ અગાઉથી નિદાન કરાવી લેવું જોઇએ. કારણ કે આ રોગ માતાબાળક બન્ને માટે પ્રાણઘાતક બની શકે છે.

સિકલસેલનો રોગ છે જિનેટીક પરંતુ આદિજાતિ વિસ્તારોમાં આ રોગનું પ્રમાણ ઘણું વધારે જોવા મળે છે. ખાસ કરીને સગર્ભા માતા માટે આ રોગ જીવલેણ પણ બની શકે છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદની પડવાલ વુમન્સ હોસ્પીટલના ડો. રાહુલ પડવાલ સીકલસેલ વિશે જણાવતા કહે છે કે, શરીરના અંગો વ્યવસ્થિત કામગીરી કરે તે માટે તેમના સુધી બ્લડ પહોંચવું ખૂબ જરૂરી છે. પરંતુ સિકલસેલમાં બ્લડ સેલ દાંતરડા આકારના બની જાય છે. પરિણામે તે શરીરના અંગોને બ્લડ મળતું બંધ થાય છે. જે અંગમાં બ્લડ પહોંચતું બંધ થાય ત્યાં ભયંકર પીડા ઉપડે છે અને તે અંગ ફેઇલ થઇ શકે છે.

પડવાલ હોસ્પીટલ ખાતે જ તાજેતરમાં જ એક સગર્ભા મહિલાની સારવાર કરવામાં આવી છે. જેમાં સીકલસેલ ક્રાઇસીસની ગંભીર સ્થિતિ છતાં માતા બાળકને બચાવી લેવાયા હતા.

દાહોદનાં ઉકરડી ખાતે રહેતા પ્રિયકાં ડામોર સગર્ભાવસ્થાના છેલ્લા તબક્કામાં અહીંની હોસ્પીટલ ખાતે આવ્યા હતા. જયાં લેબર પેઇન શરૂ થઇ જતા સાથે સીકલસેલ ક્રાઇસીસની સ્થિતિ ઉભી થઇ હતી. એટલે કે પ્રિયકાંબેનના શરીરમાં વિવિધ અંગો સુધી પૂરતા પ્રમાણમાં લોહી પહોંચી નહોતું રહ્યું.

પ્રિયકાંબેનને આખા શરીરમાં અસહ્ય દુખાવો થવા લાગ્યો. ડો. પડવાલે હિમેટોલોજીસ્ટની ટેલીમેડીસીન દ્વારા સલાહ લઇને સિમ્પલ પાર્શીયલ મેન્યુઅલ બ્લડ એક્સચેન્જ થેરેપી દ્વારા સારવાર શરૂ કરી. જેમાં એક તરફથી ફ્રેશ બ્લડ ચઢાવવામાં આવે છે તથા બીજી તરફથી સલાઇન ચઢાવી બ્લડ કાઢી લેવામાં આવે છે. બે બેહોશીના ડોક્ટર, ફીઝીશયન ડોક્ટર સહિતની ટીમ દ્વારા ભારે જહેમત બાદ માતાની સલામત ડીલીવરી કરી શકાઇ અને બાળકને પણ બચાવી શકાયું.

ડો. પડવાલ જણાવે છે કે, સીકલસેલમાં શરીરનું કોઇ પણ અંગ ફેઇલ થઇ શકે છે. કીડની, મગજ, હાર્ટ જેવા મહત્વના અંગો સુધી બ્લડ ના પહોંચે તો તે પણ ફેઇલ થઇ શકે છે. માટે સીકલસેલથી પીડીત મહિલાએ તમામ પ્રકારની સુવિધા પ્રાપ્ત હોય એવા દવાખાનામાં જ દાખલ થવું જોઇએ. તેમજ સગર્ભાવસ્થાના પ્રારંભના સમયે જ આ માટેનો ટેસ્ટ કરાવી સીકલ સેલ સાદો છે કે ભારે છે તે જાણી લેવું જોઇએ. એ ઉપરાંત પતિ–પત્નીના બંનેના રીપોર્ટ પણ કરાવી લેવા જોઇએ. ઉપરાંત સર્ગભા મહિલાએ નવ મહિના દરમિયાન બ્લડ ટ્રાન્સમ્યુઝન કરાવવા પડે. સીકલસેલ વિશે જાગૃકતા લાવવા સરકાર દ્વારા પણ સીકલસેલ એનીમીયા કંટ્રોલ પ્રોગામ ચાલી રહ્યો છે. જેથી લોકો આ ગંભીર બિમારી વિશે જાગૃત બને.

# ઝાલોદના સુથારવાસા ગામે એક વ્યકિતની માલિકીના ખેતરમાં કુવો ખોદવાનું કામ કરતાં જીલ્લા કલેકટરને આવેદન

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સુથારવાસા ગામે ગામના સરપંચ દ્વારા એક વ્યકિતની માલિકીના ખેતરમાં ગેરકાયદે પ્રવેશ કરી અને સમંતિ વગર કુવો ખોદવાનું કામ ચાલુ કરી દેતાં પરિવારમાં ભારે નારાજગી જોવા મળી હતી અને આ બાબતે પરિવારજનો દ્વારા સરપંચને કહેવા જતાં સરપંચ દ્વારા દાદાગીરી કરી અને ધાકધમકીઓ આપતાં આ સંબંધે જમીનના માલિક દ્વારા ન્યાયની માંગણી સાથે દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ભુખ હડતાળ ઉપર ઉતર્યાં હોવાનું જાણવા મળે છે.

સુથારવાસા ગામે રહેતાં બારીયા હરજીભાઈ ફતીયાભાઈ દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ગામના સરપંચ માવી તાનસીંગભાઈ ચીમનભાઈના ઘરની પાસે પોતાની જમીન આવેલ છે. હરજીભાઈની જમીનમાં સરપંચ તાનસીંગભાઈ દ્વારા પોતાના સ્વાર્થ ખાતર પોતાના ખેતરમાં સિંચાઈ માટે પાણી લેવા માટે હરજીભાઈની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો અને હરજીભાઈની જાણ બહાર અને સંમતિ વગર પોતાની મનસ્વી રીતે હરજીભાઈની જમીનમાં હીટાચી મશીન લાવી કુવો ખોદવાનું કામકાજ શરૂં કરી દીધું હતું. આ અંગે હરજીભાઈ તથા તેમના પરિવારજનો સરપંચ તાનસીંગભાઈને જાણ કરી આ મામલે વાતચીત કરતાં સરપંચ તાનસીંગભાઈ દ્વારા હરજીભાઈ તથા તેમના પરિવારજનો ધાકધમકી આપી કહેવા લાગ્યાં હતાં કે, સરકારી કામમાં અડચણ રૂપ બનશો તો ગુનામાં ફસાવી દઈશું, તમારાથી થાય તે કરી લો, આ જમીન આજે નહીં તો કાલે પણ મને સોંપી દેવી પડશે. જેવી ધાકધમકીઓ સરપંચ તાનસીંગભાઈ માવી દ્વારા આપવામાં આવી હોવાના પરિવારજનો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં હતાં. વધુમાં જણાવ્યાં અનુસાર આ સરપંચ માથાભારે છે અને પોતાની જમીન પચાવી પાડવા માટે આ કાવતરૂં રચવામાં આવ્યું હોવાનું આવેદનપત્રમાં જણાવ્યું હતું. આ સંદર્ભનું આવેદનપત્ર આજરોજ જમીનના માલિક બારીયા હરજીભાઈ ફતીયાભાઈ તથા તેમના પરિવારજનોએ દાહોદ જિલ્લા કલેક્ટરને આપી કલેક્ટર કચેરી બહાર ભુખ હડતાળ ઉપર બેસી ગયાં હતાં.

# ધાનપુરના આગાસવાણી ગામે માર્ગ અકસ્માતમાં યુવકના મોતની અદાવતમાં ધિંગાણું સર્જાયું

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આગાસવાણી ગામે માર્ગ અકસ્માતમાં યુવકના મોતના ઝઘડાની અદાવત ૧૭ જેટલા ઈસમોના ટોળાએ હાથમાં મારક હથિયારો ધારણ કરી આવી એકના ઘરે ભારે ધિંગાણું મચાવી ફોર વ્હીલર ગાડીની તોડફોડ કરી એકને ગડદાપાટ્ટુનો માર મારી ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૪ મેમી મેના રોજ આગાસવાણી ગામે રહેતાં અર્જુનભાઈ અભેસિંગ ચૌહાણ, મથુર ગોપસીંગભાઈ ચૌહાણ, મહેશભાઈ છત્રસિંહ બારીઆ વિગેરેનાઓએ લીમખેડા તાલુકાના મોટાહાથીધરા ગામે નિશાળ ફળિયામાં રહેતાં જેસીંગભાઈ રૂપસીંગભાઈ ડાંગીના સંબંધીની પીકઅપ ગાડીની અડફેટેગામમાં રહેતાં એક યુવકનું મોત નીપજ્યું હતું. આ માર્ગ અકસ્માતના બનાવની અદાવત રાખી ઉપરોક્ત ૧૭ જેટલાઈ ઈસમોએ એક સંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી જેસીંગભાઈના ઘર તરફ આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી પીકઅપ ગાડીના કાચની તોડફોડ કરી અને સંજયભાઈ પટેલની સાથે ઝપાઝપી કરી ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે જેસીંગભાઈ રૂપસીંગભાઈ ડાંગીએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરમીમાં ઘટાડા બાદ ફરી હીટ વેવનો નવો રાઉન્ડ શરૂ થશે

નવીદિલ્હી,
હીટ વેવનો નવો રાઉન્ડ ઉત્તરપશ્ચિમ ભારત અને મધ્ય ભારતના ભાગોમાં હીટ વેવનો નવો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ આ માહિતી આપી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પશ્ચિમ ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા ૨-૩ દિવસમાં ગરમીમાં ઘટાડો થયો છે, દિવસના તાપમાનમાં ઘટાડો થયો છે પરંતુ આગામી એક – બે દિવસમાં આ સ્થિતિ બદલાવાની છે.

આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ખાસ કરીને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને વિદર્ભના વિસ્તારોમાં અલગ-અલગ હીટ વેવની સ્થિતિ શરૂ થવાની ધારણા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં આજે અને આવતીકાલથી ગરમીનો નવો તબક્કો શરૂ થશે અને ૭ મે સુધીમાં તે ઉત્તર પશ્ચિમ ભારત અને મધ્ય પ્રદેશના ભાગોમાં ફેલાઈ જશે. મહાપાત્રાએ જણાવ્યું હતું કે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને વિદર્ભ ક્ષેત્રના અલગ-અલગ સ્થળો માટે ટૂંક સમયમાં હીટ વેવની ચેતવણી જારી કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ ભાગોમાં કાળઝાળ ગરમીની સમીક્ષા કરવા અને ચોમાસાને લગતી તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક મહત્વપૂર્ણ બેઠકની અધ્યક્ષતા કરી હતી એ યાદ રહે રહે કે દેશના ઘણા ભાગોમાં તાપમાનનો પારો ઝડપથી વધી રહ્યો છે અને ઘણા શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. જો કે બુધવારે દિલ્હી સહિત દેશના કેટલાક ભાગોમાં કરા અને વરસાદને કારણે લોકોને આકરી ગરમીમાંથી થોડી રાહત મળી છે.

# દાહોદમાં ધો. ૧ થી ૯ના વિદ્યાર્થીઓનું પરીક્ષા પરિણામ લેવા ગયેલ વાલીઓને ફી ચુકવણી ન થતા પરિણામ નહિ આપતાં આક્રોશ

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે ધોરણ ૦૧ થી ૦૯ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું પરંતુ આ પરિણામ લેવા ગયેલા ઘણા વિદ્યાર્થીઓના વાલીઓને ફીની ચુકવણી ન થતાં શાળા સંચાલક દ્વારા પરીક્ષામ ન અપાતા વાલીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. વાલીઓના જણાવ્યાં અનુસાર, કોરોના કાળ દરમ્યાન શાળાઓ બંધ રહી હતી અને સરકાર દ્વારા પણ ફી નહીં વસુલવા શાળાઓને જણાવાયાં બાદ પણ શાળાઓ દ્વારા ફી ચુકવણી થયાં બાદજ વિદ્યાર્થીઓના પરિણામ આપશે તેવું જણાવા અને વાલીઓના કરવામાં આવતાં આક્ષેપોથી ચકચાર મચી જવા પામી હતી.

આજે ધોરણ ૦૧ થી ૦૯ની પરીક્ષાનું પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓ સાથે વાલીઓ શાળાઓ ખાતે પહોંચી હતી ત્યારે દાહોદમાં ઘણી શાળાઓ દ્વારા ફીની ચુંકવણી સંદર્ભે વાલીઓને તેમના બાળકોનું પરિણામ ન આપવામાં આવ્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં હતાં. એક વાલીના જણાવ્યાં અનુસાર, બે વર્ષથી જે કોરોના કાળ ચાલે છે. તેમાં ૨૦ ટકા ફી માફ કરવાનું કહ્યું હતું તેમ છતાંય તેમાંય શાળાઓ દ્વારા કોઈ ફી માફ કરી નથી અને પુરેપુરી ફી ભરાવાઈ છે અને તે સિવાય પોતાના બાળકોની જે કે – ત્રણ મહિનાઓની ફી બાકી હતી. તેના માટે શાળા સંચાલકો દ્વારા પરિણામ આપવામાં આવ્યું નથી અને પુરેપુરી ફી ભરપાઈ કર્યા બાદજ પરિણામ આપવામાં આવશે તેવું શાળા સંચાલકો દ્વારા જણાવાઈ રહ્યું છે અને શાળા સંચાલકો દ્વારા કોઈ સંતોષકારક જવાબ પણ આપવામાં આવતો ન હોવાના બાળકોના વાલીઓ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં હતાં ત્યારે ખરેખર કોરોના મહામારી દરમ્યાન મોટાભાગે ઓનલાઈન કલાક ચાલતાં હતાં અને તેમાય સરકાર દ્વારા નિર્ધારીત કરેલ ફી માફી પણ કરવામાં આવી હતી.ત્યારે દાહોદ જિલ્લાની ઘણી એવી શાળાઓ છે જ્યાં સરકારના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી બાળકોના વાલીઓ પાસેથી પુરેપુરી ફી વસુલવામાં આવી હતી. ત્યારે આ સંબંધે શિક્ષણ વિભાગ દ્વારા અને સંલગ્ન તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરવામાં આવે તો આ મામલે સઘળી હકીકત બહાર આવે તેમ છે.

# ગરબાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચિત્રકૂટ એવોર્ડ માટે પસંદ થયેલ કિરણસિંહ ચાવડાનું સન્માન કરવામાં આવ્યું



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા ભરસડા પ્રાથમિક શાળા ખાતે સંઘના પ્રમુખ દલસિંહ પરમારની અદયક્ષ સ્થાને યોજાયો. જેમાં ચિત્રકૂટ એવોર્ડ માટે પસંદ થયેલ કિરણસિંહ ચાવડાનું પાલન ઓઢાવી સન્માન કરવામાં આવ્યું. મંત્રી જયેશભાઇ ભૂરિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચાવડા એ કરેલ કામગીરીની સમજ પ્રમુખ દલસિંહ પરમારે આપી હતી.

આજની કારોબારી સભામાં જુની પેન્શન યોજના અન્વયે ધારણા કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સૌ શિક્ષક મિત્રો મોટી સંખ્યામાં ધારણા છાવણી ખાતે ઉપસ્થિત રહેશે તેવી વિનંતી કરી હતી. આ પ્રસંગે શિક્ષણ સુધારણા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રતિનિધિ રાજસિહ ભૂરિયા, કચરાભાઈ ચાવડા, કમલેશ રાઠોડ વિગેરે રાજ્ય, જિલ્લા, તાલુકા પ્રતિનિઓિ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ લેવા ઈકેવાયસી આગામી તા. ૩૧ મે સુધીમાં કરાવવાનું રહેશે

દાહોદ,
પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા ખેડૂતો માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને વાર્ષિક રૂ. ૬૦૦૦ ત્રણ સમાન હપ્તાથી ચૂકવવામાં આવે છે. આ યોજનાના આગામી હપ્તાની ચૂકવણી માટે કેન્દ્ર સરકાર દ્વારા ઈકેવાયસી ફરજીયાત કરવામાં આવ્યું છે. યોજનાનો લાભ લેતા તમામ ખેડૂતોએ હપ્તાની ચૂકવણી આધારકાર્ડ સાથે લીંક બેન્ક ખાતામાં જ કરાશે.

ખેડૂતો એ બાબતની ખાસ નોંધ લે કે, ઈકેવાયસી, સીએસસી સેન્ટર મારફત જ થતું હતું. પરંતુ હવે ખેડૂતો પોતાના મોબાઈલ દ્વારા પણ આધાર લીંક મોબાઈલ ઓટીપી મારફત પણ કરી શકે છે. ઈકેવાયસી કરવા માટે pmkisan.gov.in વેબસાઈટ પર જઈને E-KYC ઓપ્શન ઉપર કલીક કરવાથી આધાર નંબર અને લીંક કરેલા મોબાઈલ નંબર લખી ચાર અંકનો ઓટીપી આવશે. જે નાખ્યા બાદ ફરીથી આધાર ઓટીપી છ અંકનો આવશે. તે નાખ્યા બાદ E-KYC IS SUCESSFULLY SUBMMITED લખેલું આવે એટલે E-KYC અપડેટ થઈ જશે. આગામી તારીખ ૩૧ મે સુધીમાં ઈકેવાયસી પૂર્ણ કરવાનો રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદએ એક યાદીમાં જણાવ્યું છે.

# દાહોદ જિલ્લામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિમાં વધારો કરાયો

દાહોદ,
દાહોદ જીલ્લામાં શાળા, માદયમિક શાળા, કોલેજમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિમાં વધારો કરાયો છે. ધોરણ ૧ થી ૮ માં પહેલા રૂ. ૧૦૦૦ મળતા હતા. અત્યારે ૫૦૦ રૂપિયાનો વધારો કરીને કુલ રૂ.૧૫૦૦ શિષ્યવૃત્તિ આપવામાં આવશે. માધ્યમિક શાળા અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦ મળતા હતા. જેમાં રૂ. ૫૦૦ નો વધારો કરી રૂ. ૨૦૦૦ સ્કોલરશિપ આપવામાં આવશે.

દાહોદ જિલ્લાના દિવ્યાંગ વિદ્યાર્થીઓના માતા પિતા તથા શિક્ષક મિત્રોએ અને જિલ્લાના નાગરિકોને દિવ્યાંગ વિદ્યાર્થીઓને લાભ અપાવવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.પી. ખાટા દ્વારા અપીલ કરાઈ છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓના ફોર્મ ડિજીટલ ગુજરાતના પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી જિલ્લા સમાજ સુરક્ષા કચેરી રૂમ નં ૧૯ ભોંય તળિયે જિલ્લા સેવા સદન ખાતે સ્વીકારવામાં આવશે.

માનસિક રીતે અસક્ષમ, ઓટીઝમ તથા સેરેબલ પાલસી (મગજ નો લકવો)ના મેડિકલ પ્રમાણપત્રમાં ૫૦ ટકા દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને કોઈ પણ પ્રકારનું બી.પી.એલ અથવા એ.પી.એલ. ના પૂરવા આપ્યા વિના માસિક રૂ.૧૦૦૦ પેન્શન પણ શરૂ કરાયું છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# પ્રધામંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં ''મન કી બાત''ના કાર્યક્રમ થી પ્રેરણા અને એની અસરકારકતા



દાહોદ,
તા.૨૩/૦૪/૨૦૨૨ ના રોજ ''મન કી બાત''માં મ. પ્ર. ના ઝાબુઆ જિલ્લાના ભીલ સમાજ દ્વારા જળ સંરક્ષણ માટે ઐતિહાસિક પરંપરા ''હલમાં''નો ઉપયોગ કરી સકારાત્મક પરિણામ મેળવ્યા છે. જેનાથી પ્રેરીત થઈને મેં તા.૨૬/૦૪/૨૦૨૨ નાં રોજ જુનાપાણી ગામના મારા પ્રવાસ દરમ્યાન ઉપરોકત વાત ગ્રામજનો સમક્ષ મૂકી અને ગામની સમસ્યાઓનું નિવારણ અને ગામની વિકાસ યાત્રામાં ગામ પોતેજ ''આત્મનિર્ભર'' બને તથા નરેન્દ્રભાઈનું દિવ્ય સ્વપ્ન છે કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે ૭૫ તળાવોનું નિર્માણ થાય તે હેતુ થી ગ્રામજનોને પોતાના ગામમાં જળ સંરક્ષણ માટે તળાવ નિર્માણ કરવા ''હલમા''નો પ્રયોગ કરવા આહવાન કર્યું અને તમામ ગ્રામજનોએ મારાં આ આહવાનને સહુદય માન આપી આજરોજ તા.૦૩/૦૫/૨૦૨૨, અખાત્રીજના પાવન દિને તળાવ ખોદવાનો પ્રારંભ કર્યો તે બદલ સૌ ભાઈઓ–બહેનોને ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર વ્યક્ત કરતાં ખુશીની લાગણી અનુભવું છું.

(''હલમા'' એટલે ગામના લોકો પોતાની સમસ્યાઓનાં નિરાકરણ માટે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર કે આર્થિક ઉપાર્જનની આકાંક્ષાઓ વગર મદદની ભાવના થી શ્રમ–દાન કરે) આ કાર્યક્રમમાં મને પણ ''શ્રમ–દાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જેમાં ધમુભાઈ પંચાલ, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, ઉપપ્રમુખ હિતેન્દ્રનાયક, તાલુકા પંચાયત સદસ્ય સામંતભાઈ હીહોર સાથે ગામના આગેવાન એવા આલમભાઈ ડામોર, નરેશભાઈ માવી, પાંગળાભાઈ ડામોર, વસનાભાઈ માવી, જાલમભાઈ ડામોર, કાળુંભાઈ, વિજયભાઈ વગેરે પણ ઉપસ્થિત રહી શ્રમદાન કર્યું હતું.



તારીખ૧૪/૦૫/૨૦૨૨નેસવારે૧૦ કલાકે કંબોઇ ધામ ખાતે જનજાતિ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સંખ્યાના આયોજન અને જન જાગૃતિ માટેઘર ઘર સંપર્ક આજ રોજ નવાગામ ઉપખંડના જૂના પાણી ગામે કાર્યકર્તાઓની બેઠક અને ઘર સંપર્ક અભિયાન અંતર્ગત પ્રવાસ કર્યો ગામના આગેવાનો સાથે દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, ઉપપ્રમુખ હિતેન્દ્ર નાયક, નરેશભાઈ માવી, સામંતભાઈ હિહોર, મનુભાઈ પગી હાજર રહ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.216

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## વેજલપુર ગામમાં ગંદકીનું સામ્રાજય

# ઠેરઠેર ગંદકી તેહવારો પર દેખાવ પૂરતી સફાઈ ગામમાં રોગચાળો ફાટી નિકળવાની દેહશત

- વેજલપુર ગ્રામ પંચાયત માં સ્વચ્છતાની ગ્રાન્ટ અને ટેક્ટર હોવા છતા ગામમાં ભયંકર ગંદકી.
- વેજલપુર ગ્રામ પંચાયત માં ૧૪ માં નાણા પંચ ની ગ્રાન્ટ ની શિડયુલ માં ડસબીન લીધા પછી પણ ગામમા એકપણ ડસબીન નહિ.
- વેજલપુર ગ્રામ પંચાયત પાસે કચરો નાંખવા માટે કોઈ જગ્યા નથી.
- વેજલપુર ગામમાં ભયંકર ગંદકી ના કારણે મચ્છરો નો વધારો જેના કારણે ડેન્ગ્યુ જેવા રોગો ફાટી નીકળે તેવી ગામ જનોમાં દેહશત.
- વેજલપુર ગામની રૂપા રેલ નદી અને ગામમાં ભયંકર ગંદકી ની તપાસ ઉચ્ચ અધિકારીઓ કરશે ખરા...?


તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાની વેજલપુર ગ્રામ પંચાયત તાલુકા લેવલે સૌથી મોટી અને સ્વથી વધારે વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત હોવા છતા સ્વચ્છતા અભિયાન ધજાગરા રમજાન જેવો પ્રવિત્ર માસ હોવા છતાં વેજલપુર ગ્રામ પંચાયતે આખા મહિનામાં એકપણ વખત સફાઈ કામ કરાવેલ નહીં અને મુસ્લિમોનો સૌથી મોટો પવિત્ર મહિનો રમજાન અને રમજાન ઈદ તેહવાર હોવાથી વેજલપુર ગ્રામ પંચાયત એ ઈદગાહ જવાના માર્ગ અને બજારમાં માત્ર દેખાવ પૂરતી સાફ સફાઈ કામ કરાવીને સંતોષ માણ્યો બીજા અન્ય વિસ્તારોમાં તલાટી ક્રમ મંત્રી આર.સી.ભોઈને રજૂઆત કરવા છતાં સફાઈ કામ કરાવેલ નથી, જેથી સ્પષ્ટ સાબિત થાય છે કે વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને વેજલપુર ગામના વિકાસની કે ગામની સાફ સફાઈ કે ગામની પ્રાથમિક સુવિધ્ધામાં રસ નથી. જેના કારણે વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ અને તલાટી ક્રમ મંત્રી ગામની મુલાકાત લેતા નથી અને ગ્રામજનોને પડતી મુશ્કેલીઓનો નિવારણ આવતું નથી. જેથી વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ અને તલાટી ક્રમ મંત્રી પોતાની ઓફીસના પંખા બંધ કરી ખુરશીઓ છોડીને ધમધોળતી ગરમીમાં ગામની મુલાકાત લેતો તેઓને ખબર પડે કે ગામમાં કેટલી ગંદકી ખદબદી રહીછે અને આવી ધમધોકળતી ગરમીના કારણે કેટલીક ખતરનાક દુર્ગંધ મારે છે. જેના કારણે ગ્રામજનોને એવા માર્ગ રસ્તા ઉપર થી જવા મજબુર થવું પડે છે. જેના કારણે ગ્રામજનોને કેટલી મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી આવી ભયંકર ગંદકીના કારણે ગામમાં કોરોના કરતા પણ ખતરનાક રોગચાળો ફાટી નીકળે તેવી દેહશત ગ્રામજનોને સતાવી રહી છે. ત્યારે જવાબદાર અધિકારીઓનું પેટનું પાણી પણ હાલતું નથી. સરકાર દ્વારા સ્વચ્છતા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવા છતાં તેના સાચા અર્થમાં સ્વચ્છતા અભિયાનનો ઉપયોગ કરવામાં આવતો નથી. જેના કારણે સરપંચ તલાટી અને અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં છે. જેથી હવે જોવાનું એ રહયું કે, આવા અધિકારીઓનું જમીર જાગશે કે પછી પોતાની કરણીકથનીમાં ફરજ બજાવશે કે પછી પોતાની ઈમાનદારી અને પોતાની જવાબદારી સમજીને વેજલપુર ગામના તમામ વિસ્તારની મુલાકાત લઈને આખા ગામમાં સાફ સફાઈ કામ કરાવશે અને વેજલપુર ગામમા તમામ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડશે, તે હવે આવનારો સમયજ બતાવશે.

## હાલોલ બસ સ્ટેન્ડ પાસે ભુર્ગભ ગટર લાઈન નબળી કામગીરીને ટ્રક ફસાઈ જતાં ટ્રાફિક જામ



હાલોલ,

હાલોલ બસસ્ટેન્ડ પાસે ભુગર્ભ ગટર લાઈનની નબળી કામગીરીને કારણે ટ્રકના ટાયરો ભુગર્ભમા ઉતરી ગયા અને બાજુમાં બસ ફસાઈ જતા ચક્કાજામ.... હાલોલ નગરજનો પડતી મુશ્કેલીઓથી ત્રાહિમામ પોકારી ચુક્યા છે.

હાલોલ શહેર વિસ્તારની અલગ અલગ સોસાયટીઓ તથા નગર પાલીકા વિસ્તાર ઉપર વિકાસના કામ કાજ અર્થે છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમય બાદ પણ ચાલી રહેલી ભુગર્ભ ગટર લાઈનની નબળી કામગીરી જોવા મળે છે. હાલોલ-પાવાગઢ રોડ તેમજ હાલોલ-ગોધરા રોડ તથા કંજરી રોડ અને જ્યોતિ સર્કલ થી બસ્ટેડ સુધીના તમામ વિસ્તારો ઉપર ભુગર્ભ ગટર લાઈનની અપુરતા મટીરીયલ્સ વાપરી ખાડાઓને અધુરી કામગીરીની ગટર લાઈન ઉપર સતત બે વર્ષ જેટલો સમય વીતી ગયો છે પણ કામગીરી ગોકળ ગતિએ ચાલી રહી છે. ફેર મોટા ખાડાઓ પડી ગયા છે. હાલોલ નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વાહનો તૂટી રહ્યા છે, લોકો ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે, આ કારણે ગાડીઓ ટ્રકો, રિક્ષાઓ તથા મોટરસાઈકલ ચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલોલ શહેરની ભુગર્ભ ગટર લાઈનના કોન્ટ્રાક્ટરોનુ પેટનું પાણી પણ હાલતું નથી. શહેરના તમામ નગરજનો માટે આ ભુગર્ભ ગટર લાઇનની કામગીરીથી રોડ-રસ્તાઓની બહુ મોટી સમસ્યા ઉભી થઈ હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આજરોજ હાલોલ બસસ્ટેન્ડ વિસ્તાર ખાતે કૃપાલુ હોસ્પિટલ સામેની સોસાયટીમાં ભુગર્ભ ગટર લાઈન આપવામા આવેલ જોઈન્ટ ઉપર ગટર લાઈન માટે ખોદકામ કરી સરખુ માટી પુરાણ પણ કર્યા વિના જતા રહ્યા હોવાથી આજરોજ સિમેન્ટ ભરેલી ટ્રકના પૈડા થંભી ગયા હતા. તેની સાથે જ એક બસ પણ ફસાઈ ગયેલ હતી. જોકે, ભારે જહેમત બાદ હાલોલ શહેર કોંગ્રેસના ગુરૂરાજસિંહ ચૌહાણ તથા આજુબાજુના સ્થાનીક વેપારીઓએ આજુબાજુના મોટા પથ્થરો લાવી બસના ટાયર પાસે રાખતા બસ નીકળી હતી. ગટર લાઈનના ખોદકામ કરેલા ખાડામાં ફસાતા બસ ચાલકે સરકારી બસના તમામ પેસેન્જર ઉતારી દિધા હતા. ત્યાર-બાદ હાલોલ કોંગ્રેસ પક્ષના આગેવાન કાર્યકર્તા ગુરૂરાજસિંહ ચૌહાણ તથા આસપાસના વેપારીઓ તથા રાહદારીઓની મદદથી બસ કઢાઈ હતી, પરંતુ ટ્રકના બંન્ને વ્હીલ પાછળની સાઈડના ઉતરી જવાથી સિમેન્ટ ભરેલી ટ્રક ખાલી કરવી પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જોકે આ બનાવને કારણે આજુબાજુથી આવતા તમામ વાહનોને જવા આવવાની મુશ્કેલીઓ ઉભી થઈ હતી. પરંતુ આવા અનેક બનાવો હાલોલ વિસ્તારમાં બનવાનો સીલસીલો યથાવત થઈ ગયો છે. ભ્રષ્ટ બનેલા જાડી ચામડીના કોન્ટ્રાકટરો કયારે ગટર લાઈન કામગીરી ઉપર દયાનપૂર્વક કામકાજ કરશે? હાલોલ નગરને ખાડા નગર કરી દીધુ છે. તેવું નગર જનોનો આક્રોશ વ્યકત કરી રહ્યા છે. કોન્ટ્રાક્ટરોના કામદાર દ્વારા ગટર લાઈનના ખાડાઓ જેતે હાલતમાં જ અધૂરા કામકાજ સાથે છોડી દેતા નગરજનો ત્રાહીમામ પોકારી રહ્યા છે. સતત બે વર્ષનો સમય વિતવા છતાં આવી સમસ્યાઓ ન સર્જાય તે માટે વહેલી તકે ખાડાઓ પુરી દેવામા આવે તેવું સ્થાનીક વેપારીઓ જણાવી રહ્યા છે. શું આમાં નગરપાલિકાની કોઇ જવાબદારી રહેતી નથી ?? હવે જોવાનુ રહ્યુ ખાડા-નગર કે હાલોલ નગર શું કહેવું તે આગામી સમયમાં જોવાનું રહ્યું...??

## હાલોલના ગોપીપુરા ગામે મધુવન આશ્રમશાળાના શિક્ષકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો



હાલોલ,

હાલોલ તાલુકાના ગોપીપુરા ગામે આવેલ મધુવન આશ્રમ શાળાના ૫૦ વર્ષીય શિક્ષકે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. જેમાં શિક્ષકનો પરિવાર પોતાના સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગમાં ગયો હતો. ત્યારે મધુવન આશ્રમશાળાના રૂમમાં શિક્ષકે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ લેતા બનાવ અંગે હાલોલ રૂરલ પોલીસે સાધારણ મોત અંગેની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગતો પ્રમાણે મૂળ ઘોઘંબા તાલુકાના રણજીત નગરના રહેવાસી અને હાલમાં હાલોલ તાલુકાના ગોપીપુરા ખાતે આવેલ મધુવન આશ્રમ શાળાના રૂમમાં રહેતા અને મધુવન આશ્રમ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય અરવિંદભાઈ જેસીંગભાઈ પરમારે પોતાના ઘરે એકલા હોય કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી સાથે ચકચાર મચી જવા પામી છે. જેમાં અરવિંદભાઈનો પરિવાર બુધવારના રોજ પોતાના સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગમાં ગયો હતો. જેમાં અરવિંદભાઈ મધુવન આશ્રમશાળાના પોતાના રૂમમાં એકલા હતા. ત્યારે કોઈ અગમ્ય કારણોસર પોતાની જીવન લીલા ટૂંકાવી લેવાનો અરવિંદભાઈએ નિર્ણય કર્યો હતો અને પોતાના રૂમની છતના લાકડાના સરા ઓઢણીનો એક છેડો બાંધી બીજા છેડાને પોતાના ગળે ભરાવી ગળેફાંસો ખાઇ અરવિંદભાઈએ આપઘાત કર્યો હતો.

જેમાં બનાવ અંગેની જાણ આડોશ પાડોશના લોકોને થતા તેઓએ અરવિંદભાઈના પરિવારજનોને આ બાબતે ફોન કરી જાણ કરતા લગ્ન પ્રસંગમાં મહાલવા ગયેલો પરિવાર ગોપીપુરા ખાતે દોડી આવ્યો હતો અને પોતાના રૂમ ખાતે અરવિંદભાઈને ગળે ફાંસો ખાધેલી હાલતમાં મરણ પામેલા જોઈ પરિવારજનો પર આભ તૂટી પડયું હતું અને પરિવારજનો આઘાતમાં સરી પડયા હતા અને રોકકળ મચાવી મુકતા સમગ્ર વાતાવરણમાં ગમગીની પ્રસરી જવા પામી હતી. જેમાં બનાવ અંગેની જાણ થતા હાલોલ પોલીસે ઘટનાસ્થળે દોડી આવી મૃતક અરવિંદભાઈ જેસીંગભાઈ પરમારના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોને સોંપ્યો હતો અને બનાવ અંગે અરવિંદભાઈના પુત્ર કૃષ્ણકાંત અરવિંદભાઈ પરમારની ફરિયાદના આધારે પોલીસ મથકે અસાધારણ મોત અંગેની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પાવાગઢ-માંચી ત્રણ રસ્તા પાસે અલ્ટો કાર અને મોટર સાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતા જાંબુડી રસુલ ફળીયાનાઓને ઈજા પહોંચતા અલ્ટો ચાલક વિરૂધ્ધ ફરિયાદ




પાવાગઢ,

હાલોલ પાવાગઢ પાસે માચી ત્રણ રસ્તા પાસે હાલોલ ગાયત્રી મંદિર રસુલ ફળીયામાં રહેતા વિષ્ણુભાઈ શંકરભાઈ રાઠવા ઉ.વ ૨૫ જેઓ તેમની સાસરી વાજીયા આબા ગામે જવા સારૂ નીકળેલ ત્યારબાદ પાવાગઢ પાસે ત્રણ રસ્તા ઉપર સામેથી આવતી અલ્ટો કાર નંબર જીજે.૨૩.સીએ.૯૬૯૫ ના ચાલકે ગફલત ભરી રીતે ચલાવી મોટરસાઇકલ ચાલકને એક્સીડન્ટ કરેલ જે બાબતની જાણ મોટરસાઇકલ ચાલકના પરિવારજનો ને થતા તાત્કાલિક પાવાગઢ પહોંચી વિષ્ણુભાઈને હાલોલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ આવ્યા હતા. ત્યારબાદ એક્સીડન્ટ કરેલ અલ્ટો ચાલક વિરૂધ્ધ હાલોલ પોલીસ સ્ટેશન ફરિયાદ દાખલ કરાઈ હતી. અલ્ટો ગાડી ચાલક ગફલત ભરી રીતે હંકારી આવતા એક્સીડન્ટ કરેલ હોવાનું જણાવેલ જેઓની મોટરસાઇકલ નંબર જીજે ૧૭.બીએસ.૯૨૦૯ નાઓના ચાલકને એક્સીડન્ટ કરી છાતીના ભાગે તથા પેટના ભાગે તથા જમના પગના ભાગે ઈજાઓ કરી સ્થળ ઉપર થી હાલોલ ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર લઈ. અલ્ટો ચાલક વિરૂધ્ધ કાયદેસર કરવા વિષ્ણુભાઈના નાનાભાઈ વિજયભાઈ એ હાલોલ પોલીસ સ્ટેશન ફરિયાદ કરાઈ જે બનાવને લઈ હાલોલ પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા.

## કાલોલ તાલુકાના બોરૂ પ્રાથમિક શાળામાં ધોરણ આઠનાં બાળકોનો દિક્ષાંત સન્માન સમારોહ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના બોરૂ પ્રાથમિક શાળામાં ધોરણ-૮નાં બાળકોનો દિક્ષાંત સન્માન સમારોહ યોજાયો. મુખ્ય શિક્ષક ગૌરાંગ જોશીની અદયક્ષતામાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ધોરણ ૮ ના ૨૭ વિદ્યાર્થી ઓનો દિક્ષાંત સમારોહ એવમ પ્રોત્સાહન પુરસ્કાર શાળાંત પ્રમાણપત્ર થી વિદ્યાર્થીઓનું પ્રાથમિક શિક્ષણ દીક્ષાંત કરાયા હતા. શાળાના પરિવાર અને બાળકો દ્વારા એક બસ શ્રેષ્ઠ ભારત અંતર્ગત છત્તીસગઢ અને ગુજરાતના લોક નૃત્ય તેમજ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો કાજલબેન બારોટના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યા.

આ પ્રસંગે શાળાના આચાર્ય તેમજ તમામ શિક્ષકો દ્વારા બાળકોને સંબોધન કરી આગળનું ભવિષ્ય ઉજવળ બને અને ઉત્તરોતર પ્રગતિ કરતા રહે તેવા આશીર્વાદ આપવામાં આવ્યા. આ પ્રસંગે વાલીગણ, એસએમસી સભ્યો, ગામના આગેવાનો હાજર રહેલ હતા.

## બી. ફાર્મસી કોલેજ રામપુરાનું ગૌરવ





ગોધરા,

ગોધરા શહેરના રામપુરા વિસ્તારમાં આવેલી બી. ફાર્મસી કોલેજની સફળતામાં વધુ એક ઉમેરો થયો છે. એપ્રિલ ૨૦૨૨માં બી. ફાર્મસી કોલેજ રામપુરાના પ્લેસ્મેંટ સેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં ઝાયડસ લાઈફ સાયન્સ લિમિટેડ કંપની દ્વારા ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યું. જેમાં બી. ફાર્મસી કોલેજ રામપુરા, ગોધરાના બે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી જેમાં વધુમાં વધુ ૩ લાખ સુધીના પેકેજની ઓફર કરી હતી.

તેમાં કોલેજના વિદ્યાર્થીઓ સચિન ભાવસાર અને રાહુલ આહુજા એ સ્થાન મેળવીને કોલેજનું ગૌરવ વધારયુ છે. તેમાં તેમની પસંદગીનો શ્રેય વિદ્યાર્થીઓએ તેમના માતા-પિતા, કોલેજ મેનેજમેન્ટ તથા સ્ટાફને આપ્યો છે. સંસ્થાના ચેરમેન જગદીશ આર. પટેલ અને વાઈસ ચેરમેન રાજેશ આર પટેલ, કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ.બી.શંકર, વાઈસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન તથા સ્ટાફે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી તેમની સિદ્ધિને બિરદાવી છે.

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ કાર્યક્રમ બાળકો માટે આર્શીવાદરૂપ



ગોધરા,

સરકારશ્રી દ્વારા ચાલતા RBSK કાર્યક્રમ અંતર્ગત જન્મ થી લઈ ૧૮ વર્ષ સુધીના બાળકની જન્મજાત ખોડખાંપણ તથા અન્ય બિમારીઓની સારવાર નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. આવી જ રીતે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકામાં ટીંબા ગામ ઈન્દીરા નગરી ખાતે રહેતા ફળની લારી ચલાવી ગુજરાત કરતા દિનેશભાઈ તીરગરની દીકરી શ્રુતીને હ્રદય રોગની બિમારી ખબર પડતા RBSK તબીબ ડાં. પંકજ મકવાણા તથા ડાં. સુરભી પટેલ દ્વારા ઘરે જઈ મુલાકાત કરી જીલ્લા માંથી જરૂરી મંજુરી લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સફળ હ્રદયનું ઓપરેશન કરેલ છે. હાલ બાળકી શ્રુતી એકદમ સ્વસ્થ છે. આમ, RBSK કાર્યક્રમ ગરીબ પરિવાર તથા બાળકો માટે આર્શીવાદરૂપ બન્યો છે.